# "આસ્તિકોનું કર્ત્તવ્ય."

(વ્યાખ્યાનકાર શ્રી સાગરાનંદ સુરિશ્વરજી)

સામે

## મી. મોતીચંદ કાપડીઆનો ખળભળાટ.

સંચયકાર

વિઠલદાસ મોહનલાલ પરીખ.

મંત્રી

ધી યંગમેન્સ જૈન સોસાયટી

(શ્રી જૈન યુવક સંઘ)

માણેક ચોક-અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી વીરશાસન પ્રીન્ટીંગ પ્રેસમાં શા. રતીલાલ કેશવલાલે છાપ્યું.
ઠે. કાલુપુર, હાજાપટેલની પોળ—અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પૂ. શ્રી સંઘની સેવામાં—

### અમારૂં નમ્ર નિવેદન.

"આસ્તિકોનું કર્તવ્ય" એ વ્યાખ્યાને આજે મોટી ચર્ચાનુ રૂપ ધારણ કર્યું છે અને કેટલાક વિષમ પ્રયાસોએ સમાજને ઉન્માર્ગે દોરવા જેવી પરિસ્થિતિ ઉપસ્થિત કરી છે એવા સમયે નિષ્પક્ષ વાંચકો વસ્તુસ્થિતિનું પૂર્ણાવલોકન કરી તથ્યાતથ્ય વિષે પોતાનો અભિપ્રાય બાંધી શકે અને એ રીતે અસન્માર્ગે દોરાતાં અટકે એજ શુદ્ધાશયથી વાંચકોની સેવામાં આ સંગ્રહ ઉપસ્થિત કરાય છે. સાથે આશા છે કે, વાંચકો પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને પણ કૃપારાહે આ નમ્ર નિવેદન શાન્તિપુર્વક વાંચ્યા બાદ સંગ્રહનું નિરીક્ષણ કરે, ને જ્યાં શંકા હોય તે જણાવી ખુલાસો મેળવે સોસાયટી પોતાના પ્રત્યેક કાર્યની જવાબદારી સમજે છે અને જિજ્ઞાસુ વૃત્તિથી પુછાયેલ યોગ્ય પ્રશ્નનો ઉચિત ઉત્તર આપવાની પોતાની ફરજ સદાય સ્વીકારે છે.

આ સોસાયટીની વિનંતિથીજ સમર્થ શ્રુતધર, આગમોદ્ધારક પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીએ અત્રેની વિદ્યાશાળાના વિશાળ હોલમાં તા. ૧૨–૧૨–૨૮ ને દિને ઉક્ત વિષય ઉપર મહત્ત્વપુર્ણ જાહેર વ્યાખ્યાન આપ્યું વિશાળ શ્રુત જ્ઞાનના અભાવે યા અન્યાન્ય સંયોગોમાં ત્હેનું વિપરીત પરિણામ થવાને કારણે યા તો ગમે તે કારણે કેટલાકો તરફથી જ્યારે શાસ્ત્રીય માર્ગોથી જુદે રસ્તે જનતાને દોરવાનો પ્રયાસ સેવાય છે, અને કેવળ શ્રદ્ધાની આંખે જોનારા એમાં ફસાતા હોઇ આવા સમર્થ આચાર્ય દ્વારા ઉક્ત વ્યાખ્યાન થવાની જરૂર હતીજ. છતાંય જાતિ સ્વભાવેજ તેમ કરવાને ટેવાએલા કેટલાકોએ પોતાની કિલ્લેબંધી કરવાને ખાતર વ્યાખ્યાનના મૂલાર્થને છોડી પોનાનાજ ફલદ્રુપ (?) ભેજામાંથી ઉપજાવી કાઢેલા વિષય ઉપર ટીકા કરીને જૈન તેમજ જૈનેતર જનતાને આડે રસ્તે દોરી રહ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોસાયટીની આગેવાનીમાં થયેલ વ્યાખ્યાન સત્તાવાર રીતે સોસાયટી બહાર મૂકે તે પહેલાં ત્હેનો ભાવાર્થ તા. ૧૪-૧૨-૨૮ ના મુંબઇ સમાચારમાં પ્રગટ થાય છે અને સોસાયટી તરફથી સત્તાવાર રીતે તા. ૧૯-૧૨-૨૮ ના મુંબઇ સમાચારમાં આખુંય વ્યાખ્યાન પ્રસિદ્ધ થયું છે, આ બે સમદ્રષ્ટિએ અવલોકન કરનાર જોઇ શકશે કે તા. ૧૪-૧૨-૨૮માં પ્રગટ થયેલ ભાવાર્થ તદ્દન વજુદ વગરનો ને કેવલ ગેરસમજ ઉપજાવનારો છે એથી માનવાને કારણ છે કે, તેઓએ સમાજની આંખમાં ધુળ નાંખવાનો પ્રયત્ન કર્યો છે. અને આશ્ચર્ય તો એ છે કે કેટલાકો ઘેટાનાં ટોળાની માફક આંખો મીંચીને એમાં ઝુકી ગયા છે. ને વિચારક કહેવડાવનારાઓએ પોતાની વિચારહીનતાનું અજબ પ્રદર્શન કરાવ્યું છે.

ખાસ કરીને આ વ્યાખ્યાનને અંગે ભાઇ મોતીચંદ કાપડીયાએ મુખ્ય ભાગ ભજવ્યો છે. પણ એ ભાવનગરી સોલીસીટર સાહેબે જે ઉછાંછલી વૃત્તિને તુચ્છ ભાષાનો ઉપયોગ કર્યો છે તે જોતાં તો એમના લેખને ટોપલીને શરણ કરી મૂંગે મોઢે બેસી જવાનું મન થાય. પરન્તુ સજ્જનો ને દુર્જનો પોતાની પ્રકૃતિમાં પ્રાયઃ નિશ્ચલ હોય છે. શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજીએ એમ છતાંય ભાઈ મોતીચંદ કાપડીયાની ચેલેન્જ સ્વીકારી. ભાઇ મોતીચંદ કાપડીયા તા. ૨૧-૧૨-૨૮ ના મુંબઇ સમાચારમાં જે લેખ લખે છે તે લેખના આરંભમાં જણાવે છે કે: "**આપના તા. ૧૪ મી ડીસેમ્બરના "મુંબઇ સમાચાર" માં** "જૈન સુધારકો સાથે અસહકાર કરો" એ મથાળા નીચે સાગરાનંદસૂરિનું અમદાવાદમાં "આસ્તિકોનું કર્ત્તવ્ય" એ વિષય પર આપેલ ભાષણનો **જે સાર પ્રગટ થયો છે, તે જો બરાબર હોય તો....**" આ શબ્દોથી ભાઈ મોતીચંદ કાપડીયાને જ એ સારની સત્યતા વિશે શંકા છે એમ જણાય છે. વળી જ્યારે શંકા હતીજ તો તા. ૧૯-૧૨-૨૮ ના સત્તાવાર હેવાલ ઉપર લક્ષ્ય ન આપતાં તા. ૧૪-૧૨-૨૮ ના લેખ ઉપરજ કાં મદાર બાંધી? આ વિશેની ખરી મનોવૃત્તિની કલ્પના કરવાનું કાર્ય વાંચકોને સોંપીએ છીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપર જોયું તેમ ઉંધા પાયા ઉપરજ ચણાએલ ભાઇ મોતીચંદ કાપડીયાની લેખ-ઈમારતમાં શ્રી વિજયવલ્લભસૂરિને નાસ્તિક સિદ્ધ કરવા માટે ત્હેમણે શ્રી સાગરાનંદસૂરિજીને ચેલેંજ કરીને તે તારથી ઝીલાઇ, અને શ્રી વિજયવલ્લભસૂરિને સાથે લઇને આવવા સૂચવાયું હતું. નાચવું ન હોય ત્યારે આંગણું વાંકુંજ લાગે! ભાઈ મોતીચંદ કાપડીયા લખે છે, શ્રી વલ્લભવિજયસૂરિનું શું કામ છે? વિ. વાહુ! જ્હેમના શ્રીમુખના શબ્દોથીજ જે ટીકા સિદ્ધ થવી શકય હોય, ત્હેમાં એમની શી જરૂર છે? એ વિચાર કેવો અસંબદ્ધ અને વિચારશીલતા વિહીન લાગે છે? પુજ્યપાદ સાગરજી મહારાજ, જો તેઓએ ઉપધાન વિશે ઉચ્ચારેલ શબ્દો અન્યથા છે, એમ સાબીત કરી શકે તો શ્રીમાન્ વલ્લભવિજયજી વિશેની પોતાની માન્યતા ફેરવવાને તૈયાર છે, એવી ઉદારતા પણ જાહેર કરી ચુકયા છે. છતાં શ્રી વિજયવલ્લભસૂરિને વચ્ચે ન લાવવાની વાતો કરવી, એ વર વગરની જાન જોડવા જેવું નથી લાગતું શું? શ્રી વિજયવલ્લભસૂરિએ જો એવા શબ્દો નજ ઉચ્ચાર્યા હોય તો પોતે અંગત ખુલાસો કેમ બહાર પાડતા નથી? જો તેમ થાય તો આ પરિસ્થિતિ ઉપર નવો પ્રકાશ પડે તેમ છે.

વળી સમાજના હિતની ખાતર સત્ય વસ્તુને બહાર મુકવી, તે કાંઇ ગુન્હો નથી. ઓસડ આપતાં દર્દી તરફડે તેથી ડોકટર ગભરાય તો કેમ ચાલે? ઓપરેશન વખતે કેટલાક અંગત સંબંધીઓ "હાય! હાય!" કરી બેસે છે ને પોક મૂકે છે માટે તો તેઓને દૂર રખાય છે ને ડોકટર દર્દીનું હિત જોઇ કઠોર પણ હિતસ્વી હૃદય ઓપરેશન કરે છે. નાસ્તિકતાના વધતા દર્દના ઓપરેશનની આજે અનિવાર્ય અપેક્ષા હતી અને શ્રીમાન સાગરાનંદસૂરિ જેવા સમર્થ ને કુશળ વૈદ્યોજ એ માટે યોગ્ય હતા,

ઉપરાન્ત કેટલેક સ્થળે આ વ્યાખ્યાન વિશે ઠરાવો થયા છે, તે બાબત પણ વિચારણીય છે. મુંબઇમાં યુથલીગના આશ્રય નીચે તા. ૧૭-૧૨-૨૮ને દિને એક સભા ઠરાવ કરવાને રખાએલી. આની માહિતી અમ્હને મળતાં એના સેક્રેટરીઓને સોલીસીટરો દ્વારા નોટીસ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અપાઇ હતી, જહેમાં જણાવવામાં આવ્યું હતું કે:-તા. ૧૪-૧૨-૨૮ ના મુંબઈ સમાચારમાં પ્રસિદ્ધ થયેલ હેવાલ સત્યથી દૂર છે અને જૈન કોમને ઉંધે રસ્ત દોરનારો છે.

"તા. ૧૨-૧૨-૨૮ની સભાનો સાચો હેવાલ પ્રેસમાં મોકલવામાં આવેલ છે ને ટુંક સમયમાં પ્રસિદ્ધ થશે."

મોકલાવાએલ નોટીસમાંનો આ ટુંકો ભાગ છે. આખી નોટીસ આ સંચયમાં અન્તર્ગત છે, જે તે દિવસે રખાયેલ મીટીંગના પ્રમુખ મી. પરમાણંદ કુંવરજી કાપડીયાને પહોંચાડવામાં આવી હતી. છતાં ત તરફ દુર્લક્ષ કરી મીટીંગ મેળવવામાં આવી અને જાહેર જાણે છે તેમ ત્હેને નામોશી વ્હોરવી પડી. જોવાનું એ છે કે, સત્ય સમજાવવાની દરેક શક્ય કોશષો કરવા છતાંય સમાજને ક્યી રીતે ઉંધા પાટા બંધાવાય છે!

સોસાયટીની આગેવાનીમાં મળેલી મીટીંગ વિશે જે કાંઇ ગેરસમજ ઉભી થવા પામી હોય, તે વિશે સમાજને યોગ્યરૂપે વસ્તુનિદર્શન કરાવવું, એ અનિવાર્ય ફરજને આધિન થઇને આ સંચય બહાર પાડવામાં આવ્યો છે. આમાં શ્રીમાન્ સાગરાનંદસૂરિએ ભાઇ મોતીચંદ કાપડીયાના લેખમાંથી ઉદ્ભવતા જે ૧૬૦ પ્રશ્ન પુછયા છે તે તરફ વાંચકોનું લક્ષ ખેંચીયે છીએ. ભાઇ મોતીચંદ કાપડીઆએ ખુલ્લો પત્ર લખી એક પ્રકારની કેવી ભ્રમક-જાળ ઉભી કરી હતી ત ખુલ્લા પત્ર સાથે એ પ્રશ્નો વાંચવાથી સ્હેજે જણાશે. વળી આ સંચયમાંથી સત્યશોધક દ્રષ્ટિ સમાજના કેટલાક તારણહાર કહેવડાવતા ને વર્તમાન કેળવણીના મદમાં અન્ધ બનેલા તેમજ પોતાનેજ કેવળ બુદ્ધિસંપન્ન ને સાક્ષર સમજી બીજાને બુદ્ધિહીન ને નિરક્ષર સમજવાની ધૃષ્ટતા કરનારા સમાજહિતના સફેદ ધ્વંસકોનો પણ વિવેક કરી શકશે અને સચેત થઇને સમાજ આવા પ્રપંચ ને કાવાદાવા ભર્યા પ્રચારમાંથી બચી યોગ્ય વસ્તુમાં સ્થિર રહી શકશે. સુધારાના નામે સ્વાર્થ સાધવાની કોશિષો કરનારા હવે નોંધી લે કે, સમાજ ત્હેમને ઓળખતો થયો છે. અને પુજ્ય શ્રી સંઘને નમ્ર સૂચન છે કે, આ પ્રયાસ કોઇ પણ જાતના અંગત દ્વેષ વિના કેવલ સત્યના પ્રકાશનાર્થેજ આદરાયો છે. શાસનદેવ શુદ્ધ નિષ્ઠાવાલા સેવકોને સહાય કરે.

ૐ શાન્તિ !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વિષયાનુક્રમણિકા.

૧ આસ્તિકોનું કર્તવ્ય.
૨ મી. મોતીચંદ કાપડીયાનો પત્ર.
૩ જે. ડી. ઝવેરીનું હેન્ડબીલ.
૪ (શ્રી મુંબઇ જૈન યુથલીગને ધી યંગમેન્સ જૈન સોસાયટી (શ્રી જૈન યુવક સંઘ)એ આપેલી નોટીસ.
૫ મી. મોતીચંદનો ખુલ્લો પત્ર.
૬ શ્રી સાગરાનંદ સૂરીજીનો તાર.
૭ શ્રી સાગરાનંદસૂરિનો બીજો તાર.
૮ મી. મોતીચંદ કાપડીયાનો જવાબ.
૯ શ્રી સાગરાનંદ સૂરીજીનો તાર મારફત જવાબ.
૧૦ અમદાવાદના નગરશેઠ વિમળભાઇને તથા સંઘ સમસ્તને તાર.
૧૧ મી. મોતીચંદ કાપડીયાનેશ્રીસાગરાનંદસૂરિએ કરેલો તાર.
૧૨ આસ્તિકના કર્તવ્યને જોવાની દિશા.
૧૩ પ્રશ્નો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આસ્તિકોનું કર્તવ્ય.

## આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદ સૂરીશ્વરજીનું સત્તાવાર વ્યાખ્યાન.

પરમ પુજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદ સુરીશ્વરજીએ આપેલાં જાહેર વ્યાખ્યાનનો નીચલો સત્તાવાર અહેવાલ પ્રગટ કરવાની અમને અરજ કરવામાં આવી છે:—

વ્યાખ્યાન શરૂ કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, દરેક જીવ સુખનીજ ઇચ્છા કરે છે. મનુષ્ય, જાનવર, બાળક, સ્ત્રી, પુરૂષ દરેક સુખનીજ ઇચ્છા કરે છે. સુખ બે પ્રકારનું છે. એક પઉદ્ગલિક સુખ કેટલાક માને છે કે તે સીવાય બીજું સુખ નથી. તેઓ કહે છે કે વિષય સુખ સીવાય બીજું સુખ નથી. સંયમ કરવો, હિંસાદિનો ત્યાગ કરવો એ બધું ભોગવંચનાં છે એમ કહે છે. તેઓ આત્મા, પુણ્ય, પાપ, સદ્ગતિ અને દુર્ગતીને માનતા નથી. આ લોકોને જૈન શાસ્ત્રકારોએ અને બીજા શાસ્ત્રકારોએ એકજ ચાંદ આપ્યો છે કે તેઓ નાસ્તિક છે. નાસ્તિક શબ્દ આસ્તિકમાંથીજ થયો. જ્યારથી લોકો ધર્મ તરફ વળવા લાગ્યા ત્યારથી નાસ્તિકો ઉદ્ભવવા લાગ્યા. પોતે પુણ્ય અને પાપ, આલોક અને પરલોક માને નહી એટલુંજ નહી પણ બીજા માને તે પણ તેનાથી ખમાય નહી. પોતાનું ટોળું વધારવા બીજાઓને ફસાવવાનો તેમણે પ્રયત્ન કરવા માંડયો. આ લોકને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંગે નાસ્તિકોને સમુદાય સિવાય ચાલતું નથી, કેમકે કોઈપણ માણસ એકલો મોજશોખ અથવા વિષય સુખ ભોગવી શકતો નથી. તેને બીજાઓનો સાથ જોઈએ છે. એક રાજાને તેને તેની સકળ રીદ્ધિસીદ્ધિ સાથે પણ એકલોજ જંગલમાં મુકો તો તેને ચેન નહી પડે. દરેક જાતના શોખ માટે તેને અનુસરતી વસ્તુઓ જોઈએ. આસ્તિકોને એવી જરૂર નથી. તે એકલો હોય તો પણ તેને ચાલી શકે. પુણ્ય કરવાં, પાપ તજવા બધું એના હાથમાં છે. તે એકે વસ્તુને પરાધિન નથી.

નાસ્તિક શબ્દ આસ્તિક શબ્દ પછી ઉભો થયો છે. પદાર્થનું અસ્તિત્વ હોય તો તેનો નાશ થાય. આસ્તિકપણાની બુદ્ધિ પ્રવર્તે ત્યારે સામાને નાસ્તિકપણું પ્રગટાવવું પડે. જીવો નાસ્તિ કયારે તે કહે કે જ્યારે બીજો કંડુ કે જીવો અસ્તિ. આસ્તિકો ઉત્પન્ન થયા પછી વિષય, કષાયોની બહુ સના થઇ. તેની ઉત્પત્તિ છતાં પણ જ્યારે તે ઇરાદા પુર્વક કરવામાં આવે ત્યારેજ નાસ્તિકપણાની કોટીમાં ગણાય.

જીવ નથી એમ માનીને પુણ્યના રસ્તા બંધ કરવા, ધર્મનાં રસ્તા બંધ કરવા એ નાસ્તિકનું કામ. શાસ્ત્રકારોએ નાસ્તિકને માટે એકજ વાક્ય મુકયું છે કે “ સંયમો ભોગ વંચના ” આમ કહેનારને નાસ્તિક ગણવો. ખરાબ કામથી ડરવું નથી તે એમ કહે કે પુણ્ય નથી, પાપ નથી ને પરભવ નથી તેને આવું આટલા માટે કહેવું પડે છે કે સારૂં કરવું નથી, ખરાબ કરવું છે અને તેનું ફળ નથી, પરભવની વાત ઉડાવી દેવી છે, વળી તે પુણ્યને સારૂં માને અને પાપને ખરાબ માને તો અનાચારોમાંથી પાછા હઠવું પડે એ તો એને કરવું નથી.

એક સ્થળે એક બાવો હતો, લોકો તેને તપસ્વી અને નીરમોહી કહેતા. આથી નાસ્તિકનાં પેટમાં શુળ આવી ધર્મીઓની પ્રશંસા જેનાથી ખમાય નહીં તે પણ નાસ્તિકની કોટીમાંજ ગણાય. આસ્તિકને એવો ખરાબ વિચાર આવે તો તે મરવાનો પ્રયાસ કરે. આસ્તિકના બોલવામાં એ લાજ શરમ હોય.

નાસ્તિક મતની ઉત્પત્તિ શી રીતે થઇ તેનો ખુલાસો કરતાં જણાવ્યું કે નાસ્તિક તો બ્હેન કહીને બોલાવે અને કરે બાયડી. તેને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શરમ કોના ઘરની ? એક નાસ્તિકની બ્હેન બાળ વીધવા છે. તેની તેના ઉપર દ્રષ્ટિ ફરી, એ બાઇને વિચાર આવે તે પહેલાં એને વિચાર આવે કે, વિષય વગર એની જીંદગી કેમ જશે ? એને વિષયો સિવાય બીજા વિચારોજ ન આવે, તે કહે કે એનો સંસાર એળે ગયો. પોતાનામાં ખરાબ વિચાર છે તેથી આ બધું બોલાય છે. મનુષ્યનો જન્મ વિષય માટે છેજ નહી, ત્યાગ અને વૈરાગ્ય માટેજ તે જન્મેલો છે. વિષયમાં અંધ બનેલો બ્હેન કે બેટીનો વિવેક જોતો નથી. પેલા નાસ્તિકને પોતાની બ્હેન ઉપર ખરાબ દ્રષ્ટિ થઇ. બ્હેને ના પાડી કહ્યું કે આથી નરકે જવાય. એ પાપ કહેવાય. નાસ્તિકે આના ઉપાય તરીકે આસ્તિકતા ખસેડવા કહ્યું કે એ બધાં ફાંફાં છે. આજકાલના મનુષ્યો કરતાં તે કાલના મનુષ્યો હોંશીયાર હતાં. અત્યારે તો કોઇ એક વસ્તુ ખોટી કહે તો બધા તેમ માની લે પણ તે વખતની બાઇએ કહ્યું કે બધાં કહે તે ખોટું હોય ? હવે તે નાસ્તિકે બધાનું કહેવું ખોટું ઠરાવવા પોતાની બ્હેન સાથે સવારે વહેલો ગામના દરવાજા બહાર જઇ રસ્તામાં વરૂના પગલાં પાડી એક બાજુ ઉભો રહ્યો. તે પછી ત્યાંથી જે કોઇ જાય તે કહે કે અહીંથી વરૂ ગયું છે. નાસ્તિકે પોતાની બ્હેનને કહ્યું કે જો બધા કહે છે કે અહીંથી વરૂ ગયું છે અને તે ખોટી વાત છે. આપણેજ આ પગલાં ચીતર્યાં છે. માટે બધાના કહેવા ઉપર ચાલવું નહી. નાસ્તિકો આવી રીતે પ્રપંચ કરી સાચાને જુઠા ઠરાવવા પ્રયત્ન કરે છે. અજ્ઞાનીની વાતોથી જ્ઞાનીની વાતોને ખોટી ઠરાવવી એ નાસ્તિકોના કામ !

બાવાની અનુમોદના લોકો કરે તે પેલા નાસ્તિકોથી ખમાય નહી. તે એકદમ બાવા પાસે ગયો. નાસ્તિક નાસ્તિકપણે વર્તે પણ નાસ્તિક તરીકે ઓળખાવવા પોતે તૈયાર નથી હોતા તેથી તેણે બાવાજીના કાનમાં કહ્યું કે, “ બીજી જીંદગી નહી હોય તો તમારા શું હાલત થશે ? આવતો ભાવ નહી હોય તો કરેલાં તપ વીગેરે ફોગટ જશે. ” બાવાએ વિચાર કર્યો કે આ કેવો નાસ્તિક ! સદાચરણ કરતો નથી, કરવા દેતો નથી અને કરે છે તેની પ્રસંસા શાંખી શકતો નથી. બાવાએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહ્યું કે "બીજી જીંદગી નહી હોય તો મારૂં જશે શું ? બુરૂ કામ છોડયું એમાં ખરાબ શું કર્યું ? પણ મારો એ સવાલ છે કે બીજી જીંદગી હશે તો તારૂં શું થશે એતો કેહે કે ભલાં ? તે તું નથી કહી શકતો તો માનવું પડશે કે બીજી જીંદગી હશે તો તારે તો નરક યાત્રા ભોગવવી પડશે. તું સદાચરણમાં માનતો નથી, કરતો નથી, અને કરવા દેતો નથી એ ત્રણ ગુન્હાની સજા તારે ભોગવવી પડશે તેમાંથી બચવાનો એકે ઉપાય નથી." ત્યારે નાસ્તક ને ચુપ થવું પડયું.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે કોઈ પણ બાબતમાં સંદેહ થાય તો પણ અશુભ તો નજ કરવું દરેક બુરૂ કામ તજી દેવું જોઇએ, આજ કાલ ના જૈન નામધારી કે બીજા કોઈ નાસ્તિકના આચરણ કરવાવાળા પણ પોતાને નાસ્તિક કહેવડાવવા તઈયાર નથી પણ તેઓ તો એમજ માનતા હશે કે સંયમો ભોગ વંચના નાસ્તિ એટલે નથી. પણ શું નથી ? ક્રીયાપદનો કરતા તો જોઇએ ને ? જેઓ જીવ પુણ્ય, પાપ, પરભવમાં માનતા નથી, તે નાસ્તિક. નાસ્તિકમાં સંયમ નથી, આ- સ્તિકને રૂંવાડે રૂંવાડે સંયમ ગમે. પછી પાળી શકે કે ન પાળી શકે એ જુદી વાત.

આજ કાલ આપણે સાંભળીયે છીએ કે નાનો છોકરો બીચારો એણે શું ખાધું, પહેર્યું, ઓઢયું ? આ ચિંતા કોને ? અંદરના નાસ્તિકને. આસ્તિકને તો એ વિચાર આવે કે નાનું બચ્ચું સંયમ ના માર્ગે ચાલી શકે અને હું આવડો મોટો થયો તો પણ ચોથું વૃત લઇ શકતો નથી, તીથીઓ પણ સાચવી શકતો નથી. આ બધા વિચારો આસ્તિકોને આવે. નાસ્તિકો પોતે વધી ન શકે એટલે વધારાને કેમ તોડવા એજ દાનત રાખે છે.

એક માણસ ધર્મને નથી માનતો તેનામાં શુરાતન હોવું જોઇએ કે માને તેનામા શુરાતન હોવું જોઇએ ? ધર્મ નહી માનનારા કેડ બાધીને મંડી શકે તો આસ્તિકો કેમ ઉંઘે ? નાસ્તિકના લવારા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખતે ઉંઘનારાઓ ખુલ્લા નાસ્તિક નહિ પણ પ્રચ્છન્ન નાસ્તિક છે. ક્રોધના આવેશમાં એક માણસ તમારી જોડેના માણસને મારવાનો પ્રયત્ન કરે તે વખતે તમે બચાવવા પ્રયત્ન ન કરો તો તમે તમારી ફરજ બજાવતા નથી. જે બચાવી ન શકે તેણે પોતાની અશક્તિ તો જાહેર કરવી જોઈએ. તમારી જોડેનાનું ખુન થાય અને તમે પોલીસને ખબર નથી આપતા તો શું તમે ગુન્હેગાર નથી ઠરતા ? સરકારે કાયદો હાથમાં લેવાની છુટ આપવાને બદલે ખબર આપવાનું રાખ્યું. બધા કાયદો હાથમાં લે તો ન્યાય ન થઇ શકે. નાસ્તિકને શુરાતન આવે છે અને આસ્તિકને કેમ શુરાતન નથી આવતું ? તમારા છોકરા ઉપર હુમલો કરનારને દ્વેષનો જોશ આવે છે અને તમને રાગનો જોશ નથી આવતો ? તે વખતે તે છોકરાની વ્હારે ચઢો છો તો આમાં કેમ નથી કરતા ? દુનિયાદારીના બાપ દીકરાના સબંધ કરતાં આત્મ કલ્યાણ અને આસ્તિકોનો અંદર અંદરનો સંબંધ ઉંચો નથી ?

આસ્તિકે પ્રથમ તો નાસ્તિકનું વચન સાંભળવું નહિ. અત્યારે છાપાઓમાં આસ્તિકના ચાર લેખ હોય તો અઢી માણસ વાંચે પણ નાસ્તિકના બે લેખ હોય તો એ સોએ સો ટકા વાંચે આનો અર્થ શો ? આનો અર્થ એજ કે આસ્તિક ગણાઈને આપણે નાસ્તિકોને પોષનારા છીએ. આપણે સાંભળવું બંધ કરીએ તો તે કોના આગળ કહેશે ? અસહકારથી ભલભલાં રાજ્યો હંફાઇ જાય તો તેમની શી ગણત્રી ? અસહકાર એ આપણો રોજનો અનુભવ છે. કોઈની સાથે વીરોધ થાય તો તરત તેની સાથે બોલવું બંધ કરીએ છીએ. વાત એ છે કે આસ્તિક બનવા માગીએ છીએ પણ નાસ્તિકને પહેલાં વાંચીએ છીએ. દેવદત્તની માને ગાળોવાળો કાગળ યજ્ઞદત્તે દેવદત્તને લખ્યો દેવદત્તને કહીએ કે તે ગાળો-કાગળ-વાંચ, તો શું તે વાંચશે ? નહીજ. તમે કહેશો કે જાણવું તો બધુંજ જોઇએ. ત્યારે શું તે ગાળો જાણવા જણાવવાની જરૂર ન્હોતી ? જે મારાપણું તેમાં છે તે નાસ્તિકોની બાબતમાં બતાવવામાં નથી આવતું. જ્યાં સુધી દુન્યવી વસ્તુઓ પ્રત્યે જે અભિરૂચી છે તે દેવ, ગુરૂ, ધર્મ અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તીર્થ પ્રત્યે બતાવશો નહી ત્યાં સુધી તમે નાસ્તિકમાં ગણાશો કે નહી? પ્રતિકાર કરવાને માટે વાંચવું એ જુદી વાત છે.

નાસ્તિકોનો અસહકાર તમારાથી કેમ નથી થતો? કોઇ માણસ તમારી સામાન્ય લાગણી દુઃખવે તો તેનો અસહકાર કરવા કેમ તૈયાર નથી થતા? અહીં એક ભાઈએ પ્રશ્ન કર્યો કે તેવાઓ જોડે સાધુઓ કેમ સંબંધ રાખે છે? જે સાધુઓ નાસ્તિક બન્યા તેમની જોડે અમે અસહકાર કર્યો છે. મેં હમણાં સાંભળ્યું છે કે અયોધ્યાજીમાં ૧૯ કલ્યાણક છે. ત્યાંની સ્થિતિ જોઇ આવનાર જાણતા હશે કે તીર્થ બહુજ જીર્ણ અવસ્થામાં આવી ગયું છે, આ સંબંધી એકે કહ્યું કે, "એને સમરાવવાની શી જરૂર છે? અહીંથી પ્રતીમાજીને ઉઠાવી બીજે પધરાવો." અમારૂં કામ તો ઉપદેશ કરવાનું છે અમલ કરવાનું તો તમારૂં કામ છે. ન્યાયવિજયજી જોડે કોઇને વ્યવહાર નથી વલ્લભવિજયજીનો પણ વ્યવહાર પાટણમાં કપાયો. ઉપધાન, ઉજમણું અને નવપદ એ એમને ધુમાડો લાગે છે. અયોધ્યાજીનું પણ એ વલ્લભવિજયજીએજ કહેલું. આ હું ઇર્ષાથી નથી કહેતો. આત્મારામજીનું સમાધી મંદીર કરાવીને રૂ. વીસ હજાર ખરચાયા તે ધુમાડો નહી?

અત્યારે કોઇ જાતની મજબુતી નથી. પહેલાંના વખતમાં એક સાધુ બોલીગયા કે "પહેલાં શ્રાવક થઇ ગયા તે થઇ ગયા અત્યારે કાંઈ નથી." રાજાને આની જાણ થઇ. રાજાએ તે ઉપાશ્રયના એકે એક સાધુને હાથી તળે ચગદાવી નાંખવાનો હુકમ કર્યો. હુકમ કરનાર રાજા જૈન હતા. આચાર્યને ખબર પડતાં રાજા પાસે ગયા. આચાર્યે રાજાને કહ્યું કે "તમે શ્રાવક થઇને આ શું કરો છો?" રાજાએ કહ્યું કે "શ્રાવક તો થઈ ગયા. અત્યારે ક્યાં છે? પહેલાં સાધુ હતા અત્યારે ક્યાં છે?" આચાર્યે જ્યારે કબુલ કર્યું કે, અત્યારે શ્રાવક છે અને અમે યાવજ્જીવન સાધુ રહેવાના" એવી ખાત્રી આપીનેજ તે છુટકારો મેળવી શકયા. તે વખતના શ્રાવકો આવા હતા.

કોઇના સંબંધી કોઈ ખોટી વાત કરે તો એમ કરનારાને પણ પકડવો જોઇએ. સમ્યક્ત્વવાળા હોય તેને શાસન વિરોધીઓની ખબર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડે અને જણાવે નહિ તો તે ગુન્હેગાર છે. ઉજમણાં, ઉપધાન, પ્રતિષ્ઠા, ઓચ્છવ એ ધુમાડો છે એમ કહેનારના અનુયાયીઓ થતાં સારા માણસો બચે એ જોવું જોઈએ. બોર્ડીંગો, સ્કુલો, સ્કોલરશીપો પાછળ ૩૦ વર્ષ સુધી સંઘે પૈસા ખરચ્યાં તેમાં એકે વૃક્ષ પાકયું કે અંગારાજ પાકયા? ત્રીસ ત્રીસ વર્ષો સુધી ખચેલા પૈસાનું ફળ અંગારાજ દેખીએ તો પછી પૈસા શા માટે હોમવા જોઇએ? આપણાં તીર્થો, શત્રુંજય, ગીરનાર, સમેતશીખર, મક્ષીજી વગેરેના કામ માટે તેમાંથી એકે ઘસી ચોપડવા જેવોએ કામ ન આવ્યો તો પછી એ સંસ્થાઓને અમારે શું ગણવી? અહીંઆ સવાલ એક છે. ધર્મનું પાલન કરીને શ્રાવકને પોષવાના છે. ધર્મનો નાશ કરીને નહિ. ધર્મની ક્રીયાઓ જ્યાં ધુમાડો ગણાય તેને શા માટે પોષાય છે?

આ એટલો બધો નાસ્તિકોનો જમાનો છે કે ધર્મ ક્રિયાથીજ ધર્મ ટકી રહ્યો છે. મુંબઈમાં દહેરાંઓથી દુર રહેનાર કેટલીવાર પુજા કે દર્શન કરતા હશે? અરે! પણ જ્યાં નજીક દેરાસર હોય છે ત્યાં પુજા કે દર્શન માટે નથી જવાતું તે શું કરવાના હતા? ધર્મ ક્રિયા વગર ધર્મ નથી. જેનામાં ધર્મ નહિ તેને પોષીને શું કરવું છે? સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાએ બધા ક્ષેત્ર ધર્મના આધારે છે.

વિદ્યાલયમાંથી ૧૦-૧૫ વર્ષમાં જે નિકળ્યા છે. તેઓ કેટલી વાર પૌષધાદીક વૃતો કરે છે? શ્રાવક, શ્રાવિકા એ ક્ષેત્ર જરૂર પોષવા લાયક છે, પણ ધર્મના મુદ્દાથીજ. આપણે યતીઓને પોષતા નથી કેમકે તે મહાવૃત પાળતા નથી. અહીંની ભોજનશાળા ધુમાડો ગણુવાવાળાએ નથી કરી. શ્રાવક શ્રાવિકા તરીકે પોષવા તૈયાર છીએ પણ વિલાયતના સંઘ તરીકે પોષવાને તૈયાર નથી. સેંકડો કુટુંબો ધર્મી શ્રીમંતોની સહાયથીજ પોષાય છે. હુ બનતાં સુધી નામ લઇને બોલતો નથી જેને લાગુ પડે તે સમજી લે.

નાસ્તિકોનો મુદ્દો આ ભવમાં વિષય લાલસાનો છે, આ મુદ્દાથી નાસ્તિકો જોરદાર થાય તેના કરતાં પુણ્ય, પાપ, પરભવમાં માનનારા આસ્તિકો કેટલા જોરદાર થવા જોઇએ? આસ્તિકતા એ જબરો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખીલો છે. પણ આપણો જીવ ખીલે બંધાયો નથી, દુનિયાદારીમાં અમુક કરજ કર્યા પછી તે પાછા ભરવાનું લક્ષણ રહ્યું છે એટલે એકદમ દેવું કરાતું નથી તેમ અહીંઆ પુણ્ય બંધાય તો સારૂં અને પાપ બંધાય તે ખરાબ, અને તેનો જવાબ આવતી જીંદગીમાં આપવાનો છે એ વિચારીને પાપ કાર્ય ન થાય તે જોવું રહ્યું. દુનિઆમાં ખાવું, પીવું, ઓઢવું, પહેરવું એ જવાબદારી તો નાના બચ્ચાં સમજે છે. પાંચે ઇંદ્રિયોના વિષયોની જવાબદારી તો બાળક જન્મે છે ત્યારથી તેની થાય છે. તો તેને સગીર શું કરવા કહો છો? વિષયની જવાબદારી ન સમજે તે સગીર કહેવાય. જ્યારે આત્મા પુણ્ય, પાપ, સદગતી, દુર્ગતિ એ બાબતમાં મક્કમ થાય ત્યારે તે વિષયમાં કાંઇપણ લાલસા જરૂર ઓછી કરે, વિષય, મોજશોખ, વિ. ને ગૌણ કરશે ત્યારે પાકટ ગણાશે.

## ઉપરથી આસ્તિક અંદરથી નાસ્તિક.

આસ્તિક તેનું નામ કે જે વિષયવાસના છોડાવે અને છોડનાર ઉપર બહુમાન રાખે. એની વિરૂદ્ધ બોલનારની ઉપર તમારી આંખ કેમ કરડી થતી નથી? દેવ, ગુરૂ, ધર્મને અંગે કોઇ પણ વિરૂદ્ધ બોલે તે વખતે તમે ઉપેક્ષા કરો તો જરૂર તમારામાં દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે લાગણી પુરતી નથી. તેની વિરૂદ્ધ બોલનારની સાથે સંબંધ કેમ રહે? એટલાજ માટે કે ઉપરથી આસ્તિક છીએ પણ અંદરથી નાસ્તિક છીએ. તેવે વખતે રૂંવાડે રૂંવાડા ખડાં થવાં જોઇએ. કેટલાક આવે પ્રસંગે કહે છે કે, આપણો વિતરાગનો ધર્મ, સમતા રાખવી જોઇએ, ધર્મ વખતે, ધર્મ ઉપર હુમલા થાય તે વખતે મૌન રહે તે સમતાજ નથી.

દુનિઆદારીમાં ખોળે બેઠેલું બાળક ગાળ ન ખમે. ત્યારે આપણે ભગવાનના સેવક ગણાવા માગીએ છીએ તો કેમ ખમીએ? શાસનની દાઝ આપણને કેમ ન રહે? નાસ્તિકોનો પ્રતિકાર કેમ કરવો તે વિચારીએ.

શત્રુના જેવાજ હથીયાર રાખો તો પ્રતિકાર થઇ શકે. નાસ્તિકો ભાષણ કરી, છાપાં છપાવી, લેખો લખી ચળવળ કરે છે તે વખતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણે કંઈ નહીં, જે કરશે તે ભરશે એમ કહેવાથી નાસ્તિકોનો પ્રતિકાર નહીં થાય. તેમનેજ રસ્તે તેમની સામે થાઓ, તે કાયીક પ્રયત્ન કરે તો કાયીક પ્રયત્ન કરો ? [1]પ્રતિકાર નહીં કરવાની શક્તિવાળા તેવાં છાપાઓનો અસહકાર કરો. તમારા મુખ્ય માણસોને તેમની સામેની ચળવળમાં મદદ કરો. નાસ્તિક છાપું છપાવે અને પાંચ રૂપીઆ ખરચે તે ડુબવા અને ડુબાડવા માટે તો તમે તરવા અને તરાવવા માટે કેમ નહીં ખરચી શકો ? તમે એમ નહી માની લ્યો કે નાસ્તિકોમાં નુર છે, અને તમારામાં નથી. આસ્તિકોએ હંમેશાં કટીબદ્ધ રહી, નાસ્તિકોનો અસહકાર અને શક્તિ હોય તો પ્રતિકાર કરી આસ્તિકોની વૃદ્ધિ કરવી જોઈએ.

---

૧ આ શબ્દોનો અનર્થ કરીને ભાઇ મોતીચંદ કાપડીયાએ એવો અર્થ ઉપજાવી કાઢયો છે કે જે કલ્પના વાંચતા ધર્મીઓને કંપારીજ છુટે. તે છતાંય એમનું શસ્ત્ર એમનાજ શિરે જઇ પહોંચે છે. પૂ. સાગરાનંદસૂરિજીએ જે ૧૬૦ સવાલો ભાઇ મોતીચંદ કાપડીયાને પૂછેલ છે, તેમાંના નીચેના સવાલો ઉપરની બાબત ઉપર પ્રકાશ પાડવાને પૂરતા છે.

પ્રશ્ન ૧૪૪:—લાત મારવા અને ખુન કરવું એ તમારા મગજમાં આવ્યું કયાંથી ? કેમકે ત્યાં તો નાસ્તિકો તરીકે ગણાતાના કાયિક પ્રતિકાર સામા કાયિક પ્રતિકાર કરવાનું કહેવામાં આવેલું છે તેમાં પિકેટીંગ સરખા કાયિક પ્રતિકારો નહિ લેતાં લાત અને ખુનના કાયિક પ્રતિકારો તમારા મગજમાં કેમ ઠસાવવા પડયા ? શું નાસ્તિકો આસ્તિકોની ઉપર એવા લાત અને ખુનના ઉપયોગો કરી આસ્તિકોને રંજાડવા માગે છે એમ તમારી ટોળીમાં કોઇ કાર્યક્રમ રચાયો છે ? તેથીજ તમારે આસ્તિકોને તેવોજ રસ્તો લેવાનો કલ્પવાની જરૂર પડી ?

પ્રશ્ન ૧૪૫:—લખવામાં, ભાષણમાં, પ્રવૃતિમાં અને વિરૂદ્ધ અવાજ ઉઠાવવામાં આસ્તિકોને રંજાડવા માટે જે લોકોએ કાયદાની બારીકીથી ઉદ્યમ આદર્યો છે તેવાની સામા આસ્તિકોને તેવીજ રીતે તૈયાર થવાને માટે સૂચવવું તે શું સમ્યગ્ દ્રષ્ટિની શ્રદ્ધા બહારનું ગણો છો ?

પ્રશ્ન ૧૪૬:—નાસ્તિકો શરૂઆત ન કરે ત્યાં સુધી આસ્તિકોને કાંઇ કરવાનું નથી તો પછી આસ્તિકોએ લોહીની નદી વહેવડાવી કે નાસ્તિકોએ વહેવડાવી કહેવાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આસ્તિકોની વૃદ્ધિ કેવી રીતે કરવી જોઈએ ? ક્રિયાની વૃદ્ધિ કરં નારા પુજા વી. કરનારા વધારવા, તે માટે ઇનામો કાઢવાં. સારી રીતે જ્ઞાન ફેલાવવાના રસ્તા કાઢો તોજ આસ્તિકતા મજબુત થશે. આ-સ્તિકને દરેક પ્રકારની મદદ કરવી જોઇએ. કેઇ શાસનમાં નડી નીકળે કે શાસન વિરોધીઓને પોષે. આ કર્તવ્ય કરશો તોજ કલ્યાણ પામી મોક્ષ પામશો. મુંબઇ સમાચાર તા. ૧૯-૧૨-૨૮

## મી. મોતીચંદ કાપડીઆનો પત્ર.

પુજ્યશ્રી સાગરાનંદસૂરિજીની સેવામાં,

અમદાવાદ,

આજના "મુંબાઈ સમાચાર"માં આપના ભાષણનો સાર પ્રગટ થયો છે, તેમાં આપે અનેક વિચિત્ર બાબતો સાથે આ સંસ્થાને પણ સંડોવી છે. આપને એક બાબત જાહેર રીતે પુછવાની અગત્ય છે. આપે ભાષણ આપ્યું તેનો જે સાર પ્રગટ થયો છે તે બરોબર છે કે તેમાં આપ કાંઇ સુધારો વધારો કરવા ધારો છો ? આપની તરફથી જવાબ નહિ મળે તો પ્રગટ થએલ લખાણ યથાતથ્ય છે એમ જાહેર પ્રજા માને તો વ્યાજબી ગણાય. કાંઇ ફેરફાર હોય તો વળતી ટપાલે જણાવશોજી.

તા. ૧૪-૧૨-૨૮ સેવક.
મુંબઇ.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

ઉપરનો પત્ર શ્રી સાગરાનંદસુરિને તા. ૧૬-૧૨-૨૮ ના રોજ મળ્યો તે પહેલાં સોસાયટી તરફથી છાપાઓમાં વ્યાખ્યાન છપાવવા મોકલ્યું હતું, જે તા. ૧૯-૧૨-૨૮ ના 'મુંબાઇ સમાચાર' માં પ્રગટ થયું હતું. વળી સોસાયટીના પ્રમુખે તા. ૧૭-૧૨-૨૮ રોજ મુંબાઇની યુથલીગની સભાના પ્રમુખ મી. પરમાનંદ કાપડીઆને રીપોર્ટ ખોટો હોવાની નોટીસ આપી હતી.

# જે. ડી. ઝવેરીનું હેન્ડબીલ.

## જાહેર ખબર.

જૈન યુથલીગ તરફથી મેળવવામાં આવનારી સભા બાબતમાં તેના કાર્યકર્તાઓ અને સમાજનું નીચેની બાબત પર ધ્યાન ખેંચાશે કે ?

૧. "મુંબાઇ સમાચાર"ના તા. ૧૪-૧૨-૨૮ના દિને પ્રગટ થએલા રિપોર્ટમાં જે શબ્દો શ્રી સાગરાનંદસૂરીશ્વરજીને મોંઢે બોલાયા છે એમ જણાવવામાં આવ્યું છે તે રિપોર્ટ જોખમદાર મંડળ યા જોખમદાર વ્યક્તિ તરફનો છે, અને તે સત્યજ છે એવી ખાત્રી લીગ તરફથી કરવામાં આવી છે કે ?

૨. શ્રીમાન્ વિજયવલ્લભસૂરીશ્વરજીના તે રિપોર્ટમાં જણાવેલા વિચારો.

૧. અયોધ્યાજીનું પ્રાચીન તીર્થ કે જ્યાં હાલની ચોવીસીના પાંચ તીર્થંકરોના ૧૯ કલ્યાણકો થએલા છે તે બાબતમાં.

૨. ઉજમણા, ઉપધાન તથા મહોત્સવો તથા અન્ય શાસન શોભાનાં કાર્યો બાબતમાં જે શબ્દો એમના તરફથી બોલાએલા જણાવવામાં આવે છે તે શબ્દો તેવણ તરફથી બોલાયા નથી એવો ખુલાસો તેમના તરફથી કરવામાં આવ્યો છે કે ?

૩. અને જો એ શબ્દો તેવણ શ્રી તરફથી બોલાયા હોય તો તે વિચારો શાસ્રસંમત છે એમ તેઓશ્રી સિદ્ધ કરી આપશે એવી વિનંતિ છે અને જ્યાંસુધી ઉપલી ત્રણ બાબતોનો નિર્ણય ન થાય ત્યાર પહેલાં જે કાંઈ ઠરાવો તથા કોલાહલ જૈન સમાજની અંદર બે જવાબદાર રીતે કરવામાં આવે તે વ્યર્થ છે. તા. ૧૭-૧૨-૨૮

જવેરી બજાર — લિ૦

**મુંબઇ.** — **જે. ડી. ઝવેરી.**

આ હેન્ડબીલ મુંબઇની યુથલીગ તરફથી તા. ૧૭-૧૨-૨૮ને દિને બોલાવાએલી સભા પહેલાં છુટું બહાર પડયું હતું તેમજ તે જાહેર રીતે વ્હેંચાતું જોવાયું હતું સત્યની દરકાર કરવી હોય તોજ કાંઈક સક્રિય આદરાયને ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# મુંબઇ જૈન યુથલીગને ધી યંગમેન્સ જૈન સોસાયટી (શ્રી જૈન યુવક સંઘ) તરફથી સોલીસીટર મારફત અપાએલી નોટીસ.

(ઇંગ્રેજી ઉપરથી તરજુમો.)

તા. ૧૭-૧૨-૨૮.

મેસર્સ રતીલાલ સી. કોઠારી અને ચીમનલાલ એમ. શાહ.
ધી જૈન યુથલીગ મુંબઇના ઓનરરી સેક્રેટરીઓ જોગ.

અમદાવાદમાં તા. ૧૨-૧૨-૧૯૨૮ ના રોજ થયેલ વ્યાખ્યાનનો હેવાલ જે તા. ૧૪-૧૨-૧૯૨૮ ના 'મુંબઇ સમાચાર' પત્રમાં પ્રસીદ્ધ થયેલ છે તેની સામે મુંબઇની જૈન યુથલીગ તરફથી વીરોધ દર્શાવવા સભા બોલાવવામાં આવી છે તેવું અમદાવાદની ધી યંગમેન્સ જૈન સોસાયટીના પ્રમુખે સાંભળ્યું છે તો નીચેની હકીકત આપને જણાવવાની તેમના તરફથી અમને સુચના થઈ છે.

તા. ૧૪-૧૨-૧૯૨૮ નો 'મુંબઇ સમાચાર' નો રીપોર્ટ ખોટો છે અને જૈન કોમને આડે રસ્તે દોરવનારો છે એવું આપને સુચવવાને માટે અમને ફરમાવ્યું છે.

તા. ૧૨-૧૨-૧૯૨૮ નો સાચો રીપોર્ટ છાપાઓ ઉપર મોકલવામાં આવ્યો છે અને ટુંક વખતમાં પ્રસીદ્ધ થશે.

તા. ૧૪-૧૨-૧૯૨૮ ના મુંબાઇ સમાચારમાં પ્રસીદ્ધ થયેલા રીપોર્ટ ઉપર આજની ભરવામાં આવેલી સભામાં કાંઈ પણ પગલાં ભરવામાં આવશે અથવા આપની જૈન યુથલીગ આવા ખોટા રીપોર્ટ ઉપર કાંઇ પણ આગળ વધશે તો તેના જોખમદાર આપ થશો,

તમારો વીશ્વાસુ

**દફતરી એન્ડ ફરેરા.**

સોલીસીટર્સ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સાગરાનંદ સૂરિને ખુલ્લો પત્ર.

## તેમણે ફેંકેલું રહી ગયેલુ છેલ્લું શસ્ત્ર.

## તે તેમના પોતાનાજ ઉપર પાછુ વળે છે.

### દાંભીક આસ્તિકતા.

### શુદ્ધ ચારીત્રશાળી આચાર્ય તરફ તીરસ્કાર.

### કેળવણી વીરોધ અને સંસ્થાઓનો અસત્કાર.

### બાલીશ અપલાપ: અને તુચ્છ કટાક્ષો.

### એક ખુલ્લી ચેલેંજ.

લેખક:—મોતીચંદ ગીરધરલાલ કાપડીયા સોલીસીટર.

તા. ૧૪ મી ડીસેંબરના મુંબઇ સમાચારમાં "જૈન સુધારકો સાથે અસહકાર કરો" એ મથાળા નીચે સાગરાનંદસૂરિનું અમદાવાદમાં "આસ્તિકોનું કર્તવ્ય" એ વિષયપર આપેલા ભાષણનો જે સાર પ્રકટ થયો છે તે જો બરાબર હોય તો જૈન કોમની પ્રગતીને મહા હાનીકારક અંદર અંદર કુસંપના અને કલેશના બીજ વાવનાર અને જૈન ધર્મના સ્વીકારાયલા નીયમોનો મુળથી નાશ કરનાર હોઇ જૈન ધર્મની અને જૈનોની પ્રગતીમાં રસ લેનાર કોઇપણ વ્યક્તી એને વગર ચર્ચાએ પસાર કરી શકે નહી. એ ભાષણના સારમાં વ્યર્થ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રલાપ હૃદયના ઉદગારો નિકળી પડયા છે, તે બતાવવા માટે એની સખ્ત નોંધ સ્થાન સ્થાનના વીચારકો જરૂર લેશે એમ આશા રાખી શકાય. એમાં કેળવણી ઉપર ભયંકર આક્ષેપ છે. કેળવણીનું કાર્ય કરનાર સંસ્થાઓ ઉપર અણઘટતા પ્રલાપ છે, અને શુદ્ધ ચારિત્ર શીલ જમાનાને ઓળખનાર વિજય વલ્લભસુરિ જેવા પવીત્ર મહા પુરૂષના ઉપર અણઘટતો આરોપછે. આખા વિચારને વિચારતાં એમાં કાંઈ દિર્ઘદ્રષ્ટિ નથી. સમન્વય નથી. ધર્મ પ્રગતિની ધગશ નથી અને અવ્યવસ્થિત વિચારની પરાકાષ્ટા છે, અદેખાઇની ગંધ છે અને અપરિપકવ ગાંડપણના મીથ્યા અપલાપો છે. એ આખા ભાષણના સારને તપાસીએ.

## આસ્તિક અને નાસ્તિકની વ્યાખ્યા.

તેમણે નવી ઉપજાવી કાઢી છે, છતાં તેની સામે વાંધો ન કાઢીએ. તેઓ માને છે કે પુણ્ય પાપ અને પરભવમાં ન માનનારને નાસ્તિક કહેવા. વેદની શરૂઆતના વખતથી નાસ્તિક કોને કહેવા અને આસ્તિક કોને કહેવા તેનો ઝઘડો ચાલુજ છે અને હજુ સુધી તેનો નિર્ણય થયો નથી. તેમના તો ખ્યાલમાંજ હશે કે વેદાનુયાયી ચોક્કસ કારણે જૈનોને નાસ્તીક કહે છે. આપણે એમ છતાં તેઓની વ્યાખ્યા સ્વીકારીએ તોપછી તેઓ ખરેખર ગંભીરપણે એમ કહેવા માગે છે કે અંગ્રેજી ભણેલા પુણ્ય પાપને સ્વીકારતા નથી ? પરભવને માનતા નથી ? હું ઘણા અગ્રેજી ભણેલા જૈન વીચારકોના સંબંધમાં આવ્યોછું અને વીરોધના જરા પણ ભય વગર કહી શકું છું કે સાગરજીની નાસ્તિકની વ્યાખ્યા તેઓને પોતાનેજ માન્ય હોય તો ભાગ્યેજ એકાદ બે ટકા ભણેલાને પણ તેઓ નાસ્તિકની કોટીમાં મુકી શકે.

મને તો એમ લાગે છે કે આવી રીતે વ્યાખ્યા બાંધ્યા છતાં જેઓ તેમના મત પ્રમાણે ચાલનારા ન હોય, જેઓ પોતાની અક્કલ વાપરી સવાલો પુછતા હોય, જેઓ ‘ જી હા ’ કરનારા ન હોય, જેઓ જમાનાની જરૂરીઆત સમજી દેશકાળના સુત્રોને માન્ય રાખનારા હોય, જેઓ દર્શન ઉદ્યોત કરતા જ્ઞાનના ઉદ્યોતને વધારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહત્વ આપતા હોય, જેઓ જૈન કોમની અત્યારની આર્થીક સ્થિતિ- જોતાં નીરર્થક ધન વ્યયમાં કોમ કે ધરમનું શ્રેય ન માનતા હોય, તેમને નાસ્તિક ગણવા લલચાઇ ગયા છે અને એમ કરતાં પોતે આસ્તિક નાસ્તિકની બાંધેલી વ્યાખ્યા ભુલી ગયા છે.

જ્યારે માણસ આવેશમાં આવી બોલવા બેસે છે ત્યારે એને આગળ પાછળનું ભાન રહેતું નથી, એને અવ્યવસ્થીત વિચારો બતાવવામાં એક જાતનું ગાંડપણ જણાતું નથી અને એને એકને પંપાળી રીઝવવા જતાં આખા સમાજને કેટલી હાની કરવી પડે છે તેનો ખ્યાલ રહેતો નથી. હાથમાંથી સરી જતી સત્તા નીભાવવાના લોભથી કે નવયુગના મનોરથોને પહોંચી વળવાના અસામરથ્યથી કે નવયુગથી કેળવણીનો પ્રકાશ દીર્ઘકાળની જડ ઘાલી બેઠેલી સત્તાધીકારીતાને વોરોધક લાગવાથી વર્તમાન યુગની ભાવના તરફ આંખ મીચનારા કેવા આંધળુકીઆ કરે છે તેનું આખા ભાષણમાં પ્રદર્શન છે. એમાં ધર્મના મુદ્દાનો નાશ છે, સમાજ શરીર ઉપર સખ્ત પ્રહાર છે અને આખી જૈન કોમના ભવીષ્ય તરફ ભયંકર આક્રમણ છે. એના મુદ્દા તપાસીએ.

તેઓ પ્રથમ 'બળાપો' કરે છે કે તેઓ જેને આસ્તિક માને છે તેના લેખો નહી જેવા માણસો વાંચે છે ત્યારે તેમના મતે નાસ્તિકના લેખો બહુ રસથી વંચાય છે. આના ઉપાયમાં તેઓ નાસ્તિક સાથે અસહકાર કરવાનું શીક્ષણ તેમના શ્રોતાઓને આપે છે. વાત એ છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ અને તેમના જેવા લેખકો કે વક્તાઓ જે વિચારો દલીલ વગર રજુ કરે છે તેના ઉપર નવી રોશનીવાળા સવાલો કરે છે. ઘણા વર્ષોથી બાબા વાકય પ્રમાણં કરાવવામાં ટેવાઇ ગયેલા એ કોચરાની શાલની દલીલ કરનારાઓને પ્રશ્ન પુછે તે પાલવતું નથી. જવાબ આપવાની તાકાત નથી એટલે આ છેલ્લું નાસ્તિકનું શસ્ત્ર નીરૂપાયે ફેંકવું પડયું જણાય છે. છતાં તેમના કહેવાતા આસ્તિક અનુયાયીઓ તરફ આપણે ઉદાર દીલ રાખવું ઘટે. અને કાંઇ નહી તો તેમને અસ્ત વ્યસ્ત વિચારો પર થયેલા 'વ્યામોહ' તરફ આપણે દયા તો રાખવીજ ઘટે! અહીં પ્રશ્ન એ ઉપસ્થિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાય છે કે નાસ્તિકના વિચારોમાં કોમ દલીલ કે સર્વાંગી નુતનતા તેમણે જોઈ છે ! તેઓએ ભાષા શું ? સાહીત્ય શુ ? લેખ કેવા હોય ! શાસ્ત્રીયતા કેમ સીદ્ધ થઈ શકે ? લેખ કે વચન પ્રમાણુ ક્યારે થાય ? એના પર કદી વીચાર કર્યા છે ?

અત્યારનો જમાનો તો વાંચવા લાયક વિચારો જાણવા તત્પર છે. અક્કલમાં ઉતરે તેવી દલીલો સ્વીકારવા તૈયાર છે, પણ દલીલમાં 'તુમ નરકમે જાયગા' એવી એવી વાતો કરવી અને પછી તેમના માનેલા આસ્તિકો તેમના વીચાર સાંભળતા નથી એને માટે બળાપો કરવો એમાં તો સામાન્ય સમજાય તેવી વ્યવહારદક્ષતાનો પણ ચોખો અભાવ જણાય છે.

## કરેલા બળાપાનો ખુલાસો.

આ આસ્તિક નાસ્તિકના મુદ્દા પર તેમના ભાષણુનીજ દલીલો પ્રથમ જોઇએ એટલે તેમણે કરેલા બળાપાનો ખુલાસો તેમને થઇ જશે. તેઓ પુજ્ય મહાત્મા શ્રી વીજયવલ્લભસુરિને 'નાસ્તીક'ની કોટીમાં મુકે છે. એટલે તેમની વ્યાખ્યા પ્રમાણે તેઓ એમ કહેવા માગે છે કે વીજય વલ્લભસુરિજી પુણ્ય પાપ અને પરભવમાં માનતા નથી. શ્રી વીજય વલ્લભરિસુજીના સહજ પરીચયમાં જે આવેલ હશે અથવા તેમનાં વ્યાખ્યાનો જેમણે સાંભળ્યાં હશે, તેઓ વીના સંકોચ કહી શકશે કે વિજયવલ્લભસુરિજી પુણ્ય પાપ અને પરભવમાં બરાબર માને છે.

આ વાત દીવા જેવી સત્ય છે. તેમને પોતાને પણ સ્વીકાર્યા વગર ચાલે તમ નથી. તઓ જાણે છે કે આચાર્ય શ્રી વલ્લભસુરિજીનો ઉપદેશ પુણ્ય પાપને બરાબર ઓળખાવનાર, તેના ફળને સમજાવનાર અને પરભવમાં તે ફળોનો વીપાક આત્માને ભોગવવા તરીકે બતાવનાર જ છે. તેઓ વીદ્વાનસુરિના એક પણ લેખ કે વચનને તેમની માનેલી વ્યાખ્યા બહાર બતાવવાની હીંમત પણ નહીં કરી શકે. તેમને જાહેર આહવાન ( ચેલેંજ ) કરી હું લખું છું કે જો તેઓમાં સત્યનો જરા પણ પક્ષ હોય તો તેમણે તેમની વ્યાખ્યા પ્રમાણે શ્રી વલ્લભસુરિજીને નાસ્તિક બતાવવા. આ ચેલેંજ તેમણે આજથી એક અઠવાડીયામાં ઉપાડી લેવી. એમ કરવામાં આસ્તિક નાસ્તિકની તેમણે બાંધેલી વ્યાખ્યામાં ફેરફાર કે વધારો ઘટાડો કરવાનો પ્રયત્ન ન કરવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શંકા વગર આ ચેલેંજનો તેઓ સ્વીકાર કરી શકે તેમ નથી એમ આપણે ધારીએ છતાં તેઓ આચાર્યવીજય વલ્લભસુરિજીને નાસ્તિક કેમ કહેવા લલચાઇ ગયા એ કોયડો ખોલવો હોય તો જરા પણ મુશ્કેલ નથી. હકીકત એવી છે કે છેલ્લા વીસ વરસથી શ્રી વલ્લભવીજય મહારાજ ( તે વખતે આચાર્ય નહોતા ) જમાનાની જરૂરીઆતનો બારીકીથી અભ્યાસ કરી રહ્યા છે, તેઓએ જોયું કે જૈન કોમના ભવીષ્યનો આધાર કેળવણી પર છે. એ કોમ જેમ કેળવણીના પ્રશ્નને જલદી ઉપાડી લેશે તેમ તે અહિંસાના સંદેશા જગતને જલદી કહી શકશે, એના નયના સૂત્રો જગત ઝીલી એ ધર્મને વધાવી લેશે, એના કર્મના સિદ્ધાન્તો જગત સમજી સ્વીકારશે. એકંદરે જૈન ધર્મનો ઉદ્યોત એમને કેળવણીની પ્રગતીને અંગે લાગ્યો. એમ દેશ કાળને યોગ્ય સીદાતા શ્રાવક ક્ષેત્ર ઉપર વધારે ભાર મુકી એના ઉદ્ધારમાં સમસ્ત ધર્મ શરીરનો ઉદ્ધાર જાણ્યો અને જાણ્યો તેવો ઉપદેશ્યો, પરીણામે એમણે ઠામ ઠામ કેળવણીની સંસ્થાઓ રચાવી. તેમના આખા જીવન ઉપદેશ ક્રમમાં એમણે વરઘોડા પ્રતીષ્ઠાનો નીષેધ કર્યો નથી, પણ એમણે કેળવણીની જરૂરીઆત મુખ્યતાએ જરૂર કરી છે એને લઇને એમણે ઠામઠામ જે પ્રગતિના સાધનો યોજીઆપી તેને લઇ તેમના તરફ નવીન રોશની વાળાનો પણ પ્રેમ રહ્યો છે. તેઓ જુના વીચારવાળાને ધર્મોપદેશ બરાબર આપી શકે છે, પણ નવીનોને પણ રસ લેતા કરી શકે છે એ સિદ્ધ વાત સશાસ્ત્ર હોવા છતાં અમુક નજરે જોનારને ખુંચી અને ખુંચવાને પરીણામે અત્યાર સુધી અને આડકતરા આક્ષેપો તેમણે જમાનાના જોગી પર કર્યા.

છતાં એ બાળ બ્રહ્મચારી સમ્યચારીત્ર શીલની પ્રતિષ્ઠા તો વધતી જ ચાલી અને તેમને સમસ્ત સંઘે આચાર્ય પણ બનાવ્યા એટલે આ છેલ્લું શસ્ત્ર ફેંકાયું છે. એમાં હારેલાની નીર્બળતા છે. ચારીત્રશાલી મહાપુરૂષનું અપમાન છે અને ઓછી ગણતરીવાળાની કમતાકાતના નમુના છે. અતી ઉચ્ચ ચારિત્ર માથે શાસ્ત્ર પ્રમાણે ઉપદેશ આપનાર તરફ 'અસહકાર' કરવાનો દાવો કરવા પહેલાં પોતાનું સ્થાન સંભાળવાની [illegible]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચારીત્ર વગર તે કુટાઈ જાય છે તે વાત ખ્યાલ બહાર ગઈ લાગે છે.

## અંધાધુંધીનો જમાનો ખલાસ.

અને તમે કયા ધોરણે મહાચારિત્રશાલી અખંડ અભ્યાસી આચાર્ય વિજયવલ્લભસુરિને નાસ્તિક કહી શકો? માત્ર તમારા ધોરણે ચાલે, તમારી જેમ વરઘોડાઓ કઢાવે અને (જે) બોલાવવામાં રસ લે તોજ એ તમારી ગણુનામાં આવે! આપને એક વાત કહી દઉં. આવી દલીલના દીવસો હવે ગયા છે! અત્યારે તો ચારિત્રના વાજા વાગે છે, અત્યારે સોનાનો પણ કસ થાય છે, અત્યારે મુલ્યના પણ પાકા હીસાબ થાય છે. ઓગણીશમી સદીની અંધાધુંધી ચાલવા ચલાવવાનો જમાનો ખલાસ થયો છે. ચારિત્રશાળી હોવાનો દાવો કરનારને કયાં ધોરણે તોળવા તે લોકો સમજતા થઇ ગયા છે. આવા જમાનામાં તમે તમારા અમુક અભણુ અથવા અલ્પાભ્યાસી ધનવાન અનુયાયીને રાજી રાખવા ખાતર વલ્લભસુરિજીને નાસ્તિક કહેવા લલચાઈ જાઓ. તમારી એ દલીલ એ મનોદશા એ પદ્ધતિ આ કામમાં નભે તેમ નથી તમે પોતેજ તેના ભોગ થઇ દુઃખભરી રીતે આખી સમાજને મહા નુકશાન કરનાર એ દ્વારા થઇ રહ્યા છો તેનું ભાન આપને નથી એજ વાતનું નવયુગને ખરૂં દુઃખ થઇ રહ્યું છે.

## અંગારા કે અંગોરા.

અને તે ખાતર આપ મહાવીર જૈન વિદ્યાલયને અંગારા પકાવનારી સંસ્થા કહેવા લલચાઈ ગયા તે પહેલાં આપ બોલો છો કે લવો છો તેનો ખ્યાલ રહ્યો લાગતો નથી 'અંગારા'ને બદલે આપે 'અંગોરા' કહ્યા હોત તો કાંઈક વ્યાજબી થાત. આખા તુર્કસ્તાનને ઠેકાણે લાવનાર અને કોચરાની શાલની તમારી જેવી દલીલ કરનારને ઠેકાણે લાવનાર 'અંગોરા'ને તમે ઓળખ્યા ન હોય તો તે દેશનો અને કમાલ કરનારનો ઇતિહાસ જોઇ જશો. પણ તમે તે નહી કરો તમારે આંખો બંધ રાખી ચાલવાનો ઉપદેશ કરવો છે એટલે આગળ પાછળની પ્રજા કયાં જાય છે કે કોમી પ્રગતિના તત્વોમાંથી સ્વીકાર્ય તત્વ શું છે તે જ્યાં લેવું કે વિચારવુંજ નથી ત્યાં તેનો નીર્દેશ પણ નીર્થકજ થાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપ હૃદય પર હાથ રાખીને કહો આપે કોઇપણ આધુનીક સંસ્થામાં લાભ માન્યો છે આપ એકાંત અજ્ઞાનવાદને પોષી રહ્યા છો એમાં આપને અંગત નબળાઇ અને જૈનના મુખ્ય સિદ્ધાંતનો નાશ નથી લાગતો ?

આપને તો દોઢસો વર્ષ પહેલાં જે મંદતા અને નીરભ્યાસીપણું ચાલતું હતું તે પસંદ છે અને તેથી ભણેલાં સર્વ 'અંગારાજ, લાગશે. પણ એ માન્યતામાં ભ્રમ છે. આપ સંસ્થાઓ નહી કરો તો પણ લોકો તો ભણવાનાજ છે અને શાસન ભણેલાઓથીજ ટકવાનું છે આપ જરા પણ ગેર સમજુતીમાં હો તો મનમાંથી વાત કાઢી નાખજો કે નીરક્ષર માણસો વરઘોડા કાઢી શાસનને ટકાવે. તમારે હજારો વખત ભણેલાના આશ્રય લેવા પડયા છે અને પડે છે અને તીર્થના કામો તમારા મને 'અભણ' માણસે કર્યાં છે એમ માનતા હોતો એમાં પણ છક્કડ ખાઓ છો.

હજુ ચેતો, સમજો સમાજ ભણેલાઓ ઉપરજ નભશે. સમાજની પ્રગતિ ભણેલાઓજ કરશે સમાજની જરૂર એજ વિચારી શકશે અને ધર્મની જાહોજલાલી તીર્થના સંરક્ષણ અને વર્તમાન પદ્ધતિએ શાસ્ત્રનો ઉદ્ધાર ભણેલાજ કરશે. એની વગર તમારો આરો નથી અને અત્યારે જે કાંઇ ઉદ્યોત થઇ રહ્યો છે તેમાં પણ ભણેલા વર્ગનોજ હોય છે તમે તો જ્ઞાનવાદને સમજનાર છો તેથી વધારે લખવાની જરૂર ન હોય પણ અંગત કારણે સદુપદીષ્ઠ સુવ્યવસ્થીત સંસ્થા ઉપર આક્ષેપ કરવા પહેલાં હૃદયને પુછો કે એવું કોઇ કામ કરી શકયા છો ?

## પોપશાહી દલીલો.

આપને એવા શા શા પ્રસંગો પડયા કે તેથી આપ વિદ્યાલય કે છત્રાલયમાંથી અંગારા પાકે છે એમ કહી શકયા છો ? કદાચ અગવડ પડે તેવા સવાલોના જવાબ ન આપી શકવાની નીર્બળતાનું એ પ્રદર્શન હોય તો કાંઈ કહેવાનું નથી બાકી આવી પોપશાહી દલીલો વીસમી સદીમાં નહોય અત્યારે જ્યારે ફરજીઆત કેળવણી માટે આખું હીંદ તરવરી રહ્યું છે ત્યારે જૈન કોમમાં ગણી ગાંઠી કેળવણી સંસ્થાને તમે કેવી નવાજો છે. એનો વિચાર કર્યો ? સંસ્થાને ભાંડવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહેલાં એનો અભ્યાસ કરવો ઘટે, એની ગુંચવણો સહાનુભુતીથી વિચારવી ઘટે, એને માટે વિચારક વર્ગ શું ધારે છે તેની તુલના ઘટે. તમારા જેવા 'અંગારા' શબ્દ વાપરે ત્યારે એકંદરે કોમને કેટલા વર્ષ પાછું પડવું પડે એ વિચારો અથવા સ્પષ્ટ રીતે કહીશ કે તમારે કેળવણીથીજ વિરોધ છે, તમને ભણેલા ગમતા નથી. તમને લોકો પ્રશ્ન કરે તે પાલવતું નથી. તમે કેળવણીથી નુકશાનજ જુઓ છો, જો તમે લોકોને 'અભણ' રાખવાનું ચાહતા હો તો ખુલ્લી વાત કરો. દહીં દુધમાં પગ ન રાખો, 'અંગારા' શબ્દને કોણ યોગ્ય છે તે કોમ હવે સમજતી થઈ છે અને તે પ્રતાપ કેળવણીનો છે. તમને નહી ગમે તો પણ લોકો તો ભણવાના છે અને ભણીને કોમના 'અંગારા'ને ફેંકી દેવાના છે. એવી શરૂઆત થતી જોતાં કેમ ગભરાઈ ગયા? આપ આગળ વધતા જણાવો છો કે શ્રાવકોનું પોષણ કરવાનું છે પણ ધર્મને ધ્વંશ થાય તે રીતે નહી. આ આક્ષેપ વિદ્યાલય અને બોર્ડીંગના અંગે જણાય છે આ આક્ષેપ સમજફેરથી થયો છે. વિદ્યાલય કે બોર્ડીંગનો આદર્શ ઉચ્ચ છે. આપ હજુ દર્શન ઉદ્યોતના કાળમાં છો, આપ દેશકાળ સમજ્યા નથી, સમજ્યા હો તો પણ આંખ બંધ રાખવામાં આપની મહતા છે. કારણ આપ અંધ અનુયાયીની સંખ્યા પર સામ્રરાજ્ય ચલાવારા છો. તમે કોઇ સમજુને પુછો કે ભણાવવાથી 'અંગારા' પાકશે? ભણતરથી ધર્મનો ઉત્કૃર્ષ માન્યો છે તેની આ જરૂર બદલ ફરજોની ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ માન્યો છે તો ચડાવ્યા કરો તેમાં કોઇ વાંધો લેનાર નથી. તમે લખો છો કે વલ્લભવિજયજી ઉજમણા વરઘોઢાને પૈસાનો ધુમાડો કહે છે એ તદ્દન ખોટું છે તેઓ જરૂર ધનવ્યયની દીશા દેશકાળને અનુરૂપ કરવા કહે, છતાં જેઓ વરઘોડામાં માનતા હોય તેનો નિષેધ ન કરે.

ઉપદેશની પદ્ધતિમાં ફેર હોય પણ જ્ઞાન ઉદ્યોત કામમાં બીજી કોમો કેટલી વધી જાય છે તે વિચારવું ઘટે છે. તમારા જેવો મત રાખવામાં આવે તો રાજ્યદ્વારી બાબતમાં પાછા પડીએ અને રાજ્યદ્વારી બાબત કેળવણી વગર બને નહી એટલે પરીણામે પાછા તમારેજ કેળવણીની સહાય લેવાની રહી. આથી તમે વારંવાર કેળવણીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તીરસ્કારી કોમને જે પછાત સ્થિતિમાં રાખી છે તેજ કોમની અત્યારની પાછી પડતી સ્થિતિને જવાબદાર છે એ વાત હજુ પણ સ્વીકારશે.

## તીર્થાદીક કાર્યો કેળવણીએજ કર્યા છે.

તીર્થના કામમાં વિદ્યાલયના વિદ્યાર્થીઓ આવ્યા નહી એ આપનો અપલાપ છે. સંસ્થાને ત્રીસ વરસ થયા નથી પૈસા આપનારે લાભ જોઇને આપ્યા છે અને હજુ તો તેનો લાભ લેનાર સ્થિત થતા જાય છે. છતાં એક વાત કહી દેવાની જરૂર છે તીર્થાદીકના કાર્યો કેળવણીએજ કર્યા છે. અત્યારે પણ કેળવણીજ કરે છે અને તમારે દરરોજ તેનોજ આધાર લેવો પડયો છે અને પડે છે એમાં તમે અને તમારા જેવા શ્રદ્ધાવાળાને ખોટે રસ્તે દોરનારા જેટલી અગવડ કરે છે તેટલી કોમ પછાત રહે છે. હજુ પણ તમારે માત્ર ઉપાશ્રયમાં બેસી ધર્મને સમજાવવાને બદલે માત્ર લોકોની શ્રદ્ધા ઉપર નીર્ભય રહેવું હોય તો તે પદ્ધતી આપને મુબારક રહો. અન્ય કોમ કયાં જતી જાય છે તે વિચારશો નહી તો ધર્મને હાની થશે એ ચોક્કસ વાર્તા છે.

## સગીરની વ્યાખ્યા.

આગળ ચાલતા તમે સગીરની વ્યાખ્યા મનગમતી કરો છો. કોઇ સારૂ કાયદાનું પુસ્તક જોયું હોત તો આપ સગીરને સમન્ત આપે આપની મનમગતી વ્યાખ્યામાં ધર્મ પુસ્તકનો આધાર બતાવ્યો હોત તોપણ વીચાર કરત, પણ આપને તે શ્રદ્ધા ઉપર ભરોસો રાખનારને ઉદ્દેશીને કહેવું છે તેને તે પુરતુંજ લાગશે.

## જૈન સાધુનો ઉપદેશ કેવો હોય ?

પણ આપ છેવટના કમાલ કરો છો ! આપ શત્રુ તરીકે કોને ગણો છો ? અને કાયીકનો પ્રતીકાર કાયીક રીતે કરવાનો ઉપદેશ આપવામાં સાધુતા છે ? જૈન સાધુનો ઉપદેશ કેવો હોય ? એની દશા શી હોય ? એની વાતમાં શાંતી કેવી હોય ? આ આપનો આદર્શ ! સાદા શબ્દમાં કહીએ તો લાત મારનારને લાત મારવાનો અને ખુન કરનારનું ખુન કરવાનો આપનો ઉપદેશ છે. જે જૈન ધર્મ અહિંસાનું પોષણ કરનાર છે તેના આચાર્ય હોવાનો આપ દાવો કરો છો અને છતા આપ કાયદાને હાથમાં લઈ કાયીક રીતે મારા મારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધમાધમી તોફાન કરાવવાનો ઉપદેશ આપો છો. આ દશાનો ઉપદેશ એજ જૈન કોમની પરવારતી દશા છે. કોઈ નવીન વિચારકે આપના જેવો અધર્મ વિચાર કર્યો કે બતાવ્યો જાણ્યો નથી. આપના ઉપદેશ પ્રમાણે તો જૈન કોમમાં લોહીની નદી ચાલે અને અંતે પરસ્પર લડી વેરઝેર વધારી સર્વ નાશ સમીપ પહોંચી જવાય.

આપના ભાષણમાં એ સ્થાનકે ક્રિયાની વૃદ્ધિ કરવાની પોષણા છે. આપ ક્રિયા કરવાનું કહો છો તે સાથે અમારો વિરોધ નથી. પણ તેમાં પણ આપ ક્રીયા સમજીને કરો એમ કહેતા નથી તમારે તો વર્ષો સુધી ક્રિયા કરનાર તેનો અર્થ પણ સમજે નહી અને વ્યાખ્યાનમાં બેસી તમને 'હાજી' કરે એ વર્ગનેજ અપનાવવો છે. ધર્મની કેળવણી લે તે પણ તમને ગમતું હોય એવું આપના ભાષણમાં નથી. તેથી આપનું માનસ અત્યારે કઇ દશાએ વર્તે છે તે ચોક્કસ સમજાય છે. જૈન કોમની નજરે જોતાં એમાં અધ:પતન છે, આપનો ઉપદેશ ભયંકર છે. કુવામાં પાડનાર છે, જૈન કોમનું નીકંદન કરનાર છે એમાં અજ્ઞાનનું પોષણ છે, એમાં સમર્થ દીર્ઘદ્રષ્ટિની ખ્યાતી તરફ દ્વેષ છે, એમાં કોમની આગળ વધતી સંસ્થાઓ તરફ અંતરની અરૂચી છે, એમાં શ્રદ્ધાળુ વર્ગને હાજી કરવાનો ઉપદેશ છે, એમાં હિંસક વૃતિની પોષણા એમ પાછા છાપાં ભરવાની વાતો છે, એમાં અંધક્રિયાવાદની પોષણા છે, એમાં જ્ઞાનવાદનું નીકંદન છે. એ ઉપદેશ દ્વારા ચાલુ રહે તો કોમનો ભયંકર પાત થાય, પાંચમા આરાને છેડે પહોંચી જવા જેવી સ્થિતિ થાય.

તમને લોકો સાચા સ્વરૂપે સમજે તે માટેજ આ પ્રયાસ છે. તમે સત્ય વિચાર રજુ કરી શકો તે તમારૂં અત્યારનું માનસ જોતાં અસંભવીત છે. તમારે અજ્ઞાનની અંધશ્રદ્ધાપર નાચવું છે. તમારે ચારિત્રની મહત્તા કરતાં સ્વમહત્તા વધારવી છે, તમે ભગવાનના મતમાં ચારિત્રનું સ્થાન શું છે અને એકલું જ્ઞાન કેવું ભયંકર છે તે કદી સમજાવી શકો તેવી સ્થિતિમાં નથી. હજુ સમજો, તમો ચારિત્રને ચારિત્ર ઉપર ભાર મુકો, અંધતા દુર કરવા કટીબદ્ધ થાઓ, ન કરી શકો તો કરે તેને અડચણ ન કરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## છેવટની વિજ્ઞપ્તી.

તમારૂં આ છેલ્લું શસ્ત્ર છે, રહી સહી સત્તાને નભાવવાને અતી હૃદય ધાવક આર્તનાદ છે, પણ એમ સત્તા ન નભે. ઘણા વર્ષો એ જાતની પોપશાહી ચલાવી, જનતા જાગી છે. તમને તે નથી ગમતું તે પણ જનતા જાણી ચૂકી છે. હવે તો તમારે આસ્તિક નાસ્તિકના ભેદ પાડવા છે, તો એક વાત સમજી લો. શાસન તો ભણેલાજ રાખવાના છે. વીર પ્રભુના સંદેશા તેઓજ જગતને પહોંચાડી શકવાના છે, તમારે હજુ થોડા વખત ગાળો દેવી હોય તો દઈ લો તમને થોડા વખત પછી તો કોઇ સાંભળવાનું નથી.

છેવટે એક વાત કરૂં. અહીં, તમે, કરીને જ્યાં ઉલ્લેખ થયો છે ત્યાં તમારી પદ્ધતીએ કાંઇ ન ચાલે તો અંધ અનુકરણને પોષનાર સમજવા. કેટલીકે બાબત વિજયવલ્લભસુરિના જાણની હોઇ હું જવાબ ન આપી શકું, પણ તેઓ તો નીરંતર સાવધાન છે. તેઓ ચુકે તેમ નથી અને આવા ગોળીબહારનો પ્રતિકાર કરે તેમ નથી.

આપનો કાંઈ ખુલાસો આવશે તો જરૂર આ વિચારમાળા આગળ ચલાવીશ. દરમ્યાન આપને હજુપણ ચેતવાની અને ઠામ ઠામ ઝગડા વધારવાની વૃત્તિ આ વૃદ્ધવયે છોડી દેવાની વિજ્ઞપ્તિ કરીશ. આપનો મારા ઉપર ઉપકાર મેં માનેલોજ છે, પણ જાહેર પ્રશ્ન જાહેર હીતની નજરેજ ચર્ચી શકાય. જૈન કોમને ઉંડા ખાડામાં ફેંકી દેવાનો આપનો ઉપદેશ મૌન નજ રાખી શકાય તેથી અયોગ્ય લાગે તો ખમશો, પણ જનતાને આડે રસ્તે દોરવાની પ્રથા કૃપા કરીને છોડશો.

---

## પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસુરિશ્વરજીએ મોતીચંદ કાપડીઆની ચેલેન્જનો આપેલો જવાબ.

---

મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ તા. ૨૧-૧૨-૨૮ ના "મુંબાઇ સમાચાર" માં આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસુરિશ્વરજીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ખુલ્લો પત્ર લખ્યો છે તેના જવાબમાં તેઓશ્રીએ દહેગામ મુકામેથી** તેજ દિવસે મોતીચંદ કાપડીઆને તાર કર્યો છે કે: **મેં આપેલું વ્યાખ્યાન સાબીત કરવા તૈયાર છું માટે વલ્લભવિજયજીને લઇને આવો.**

આનો જવાબ મી. મોતીચંદ તરફથી ત્રણ ત્રણ દિવસ વીતી જવા છતાં નહિ આવવાથી આચાર્યશ્રી સાગરાનંદ સુરીશ્વરજીએ ચેતવણીરૂપે નીચેની મતલબનો બીજો તાર તા. ૨૪-૧૨-૨૮ ના રોજ કર્યો કે:—

---

**તમારી ચેલેન્જ તેજ દિવસે એટલે તા. ૨૧-૧૨-૧૯૨૮ ના રોજ સ્વિકારી વલ્લભવિજયજીને લઇને આવવા તાર કરેલો, પણ ત્રણ દિવસ થયાં કાંઇ પણ જવાબ નહી આવવાથી હું અત્રે રોકાતો નથી.**

---

## મી. મોતીચંદ કાપડીઆએ તા. ૨૪-૧૨-૨૮ ના રોજ આપેલો તારથી જવાબ.

**તાર મળ્યા, મારી ચેલેન્જ સમજ્યા હોય એમ દેખાતું નથી,[1] ફરીથી વાંચો. તમારા નામથી જાહેર પત્રોમાં જવાબ આપો.**

---

૧. આ કેટલી દયાજનક દલીલ છે? એમની ચેલેન્જમાં સમજવાનું શું હતું? કદાચ મી. મોતીચંદે ધાર્યું હોય કે પૂ. સાગરાનંદસૂરિ મારા જેવી કિલષ્ટ ભાષા વાપરવાના હશે, એટલે જાહેર પત્રોમાં લખવાનું સુચવતા જણાય છે. આવા નિર્ણયો તો રૂબરૂજ થઇ શકે.

## શ્રી સાગરાનંદ સૂરિનો મી. મોતીચંદના તારનો તાર મારફત જવાબ.

---

તા. ૨૫-૧૨-૨૮.

તા. ૧૪-૧૨-૧૯૨૮ ના 'મુંબાઇ સમાચાર' પત્રમાં આવેલા અધુરા રિપોર્ટ ઉપરથી તા. ૧૭-૧૨-૨૮ ને રોજ તે ખોટો જાણ્યાં છતાં તા. ૧૯-૧૨-૨૮ ના "મુંબાઇ સમાચાર" માં ખરા રિપોર્ટ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપર આધાર રાખી આપેલી ચેલેંજ હજી પણ સાબીત કરવા તૈયાર છું. શ્રી વલ્લભવિજયજીને લઇને આવો.

નૂતન ગુજરાતના પ્રતિનિધિ મી. મોતીચંદ કાપડીઆના ખુલ્લા પત્ર ઉપરથી શ્રી વિજયવલ્લભસુરિજીનો ખુલાસો લેવા ગયેલ તે વખતે તેના જવાબમાં પોતે ઉપધાન આદીને ધુમાડા કહ્યા નથી એમ જ-ણાવવાને બદલે તેની પ્રતિનિધિને નીચે મુજબ કહ્યું:—

'અમારા પ્રતિનિધિએ તેમના સંબંધમાં થયેલા આક્ષેપો વિષે પુછતાં તેમણે જણાવ્યું હતું કે મુનિ સાગરાનંદ જેવા વિદ્વાન મુનિ મારા સબંધમાં આક્ષેપ કરેજ નહિં. એતો કોઇ બીજા વલ્લભવિજય હશે.'

તા. ૨૯–૧૨–૨૮ નાં નુતન ગુજરાત ઉપરથી.

આ જવાબ ખરી ચર્ચા ઉડાવનારો છે એમ સો કોઇ સહેલાઇથી સમજી શકે તેમ છે.

## પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રી સાગરા-નંદ સુરીશ્વરજીએ તા. ૨૯–૧૨–૨૮ ના રોજ કપડવં-જ મુકામે નીચેની મતલબના કરેલા બે તારો.

### નગરશેઠ વીમળભાઇ મયાભાઇ અને સંઘ સમસ્ત.

"મોતીચંદ સોલીસીટરે આપેલી ચેલેન્જમાં સાબીત માટે શ્રીમાન્ વલ્લભવિજયજીની જરૂર હોવાથી તેઓ ત્યાં રોકાય તેમ કરો અને તમો નક્કી કરો તે મુદતે હું ત્યાં આવું."

### મોતીચંદ ગીરધરલાલ કાપડીઆને મુંબઇ.

અમદાવાદ મુકામે પણ તમે વલ્લભવિજયજીને મેળવો તો હું મારૂં વ્યાખ્યાન સાબીત કરવા તૈયાર છું. તે માટે તમો તેમને ત્યાં રોકી દીવસ નક્કી કરી ખબર આપો. શેઠ વીમળભાઇને પણ તાર કર્યો છે."



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આસ્તિકના કર્ત્તવ્યને જોવાની દિશા.

## ધર્મીષ્ઠોને ચેતાવણી.

મ્હારૂં તા. ૧૨-૧૨-૨૮ નું જાહેર વ્યાખ્યાન કે જે તા. ૧૯-૧૨-૨૮ ના મુંબઇ સમાચારમાં આવેલું છે, તેથી વિરૂદ્ધ પડેલાઓને જણાવવાનું કે તે સાબીત કરવા માટે મ્હેં મોતીચંદ સોલીસીટરને શ્રીમાન વલ્લભવિજયજીને લઇને આવવા ઘણા તારો કર્યા હતા; તેમાં મ્હારી મતલબ એ હતી કે કોમના જે પ્રતિષ્ઠિત ગૃહસ્થોની આગળ તેઓ ઉપધાનાદિને ધુમાડા તરીકે બોલેલા હતા તેઓને હાજર રાખી નિર્ણય કરાવવો, છતાં તેઓ આવ્યા નહિ; માટે આ લેખથી હજુ પણ બધાને સૂચવું છું કે જો સત્યપણે શ્રીમાન વલ્લભવિજયજી ઉપધાનાદિને મ્હેં કોઇ દિવસ પણ ધુમાડા તરીકે ( નિરર્થક ) કોઇની પણ આગળ જણાવ્યા નથી એમ સહી સાથે જાહેર કરે તો હું મ્હારી માન્યતા સુધારૂં.

**તા ક.** મ્હારા વ્યાખ્યાનમાં ઉપધાનાદિ ક્રિયાઓને નિરર્થક માનનારાઓ તથા કેળવણી આપનારી તે સંસ્થાઓ કે જેમાંથી ધર્મહીન લોકો નીકળે છે તે માટેજ ટીકા હતી. ચળવળીઆએ તે વાતને ખોટું રૂપ આપી સાધુ અને કેળવણીને અંગે તે વાત ખેંચી લીધી છે માટે ધર્મી જીવોએ સાવચેત રહેવું.

કપડવંજ તા. ૧૦-૧-૨૯. લિ૦ **આનન્દસાગર.**

સાગરાનંદસૂરિશ્વરજીની ઉદારતાની આ હદ છે. પોતે નિરાભિમાનપણે આમ સત્ય સ્વીકારવા તૈયાર થયા છે પણ સંતાકુકડી કરીને પાછલી રાડો પાડનારા કયી રીતે સત્ય સમજી શકે ? કેટલાક શ્રી વિજયવલ્લભસૂરિના ભકતો દલીલ કરે છે કે તેઓ જાહેરમાં લખતા નથી, પરન્તુ તે સત્યથી વેગલું છે. તેઓએ ઘણી વખતે પત્રોમાં લખ્યું છે. ભક્તિમાં જ્યારે અન્ધતા ભળે છે ત્યારે આવી બાલીશ દલીલો કરાય છે. આમાં શાન્તિનો ભંગ કયો હતો ? ઉલટું એથી તો સમાજને સત્યાસત્યનું પૃથકરણ કરવાનું સુલભ થઇ પડે ! જો તેઓએ એવા શબ્દો નજ ઉચ્ચાર્યા હોય તો એમ જાહેર કરે અને પોતાની કહેવાતી શાન્તિ પ્રિયતાનો નમુનો બહાર મૂકે. બાકી મૌન રહીને તો સમાજમાં ગુંચવાડો ઉભો કરવામાં સહાય પહોંચે છે, એમ અમ્હને લાગે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રશ્નાવળી ખાસ વાંચવા જેવી છે. આમાંથી ભાઇ કાપડીયાના લેખની ભ્રામકદશા મળી આવશે અને પૂ૰ સાગરાનંદસુરિજી કયી રીતે તૈયાર છે ને પોતે આપેલ વ્યાખ્યાન કેટલું વજુદ ભર્યું છે તે જણાઇ આવે છે. આ ઉપરથી પૂ. મુનિ મહારાજાઓ તથા જૈન સમુદાય પોતાનું કર્ત્તવ્ય સમજશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી સાગરાનંદસૂરી-શ્વરજીએ મોતીચંદને પૂછેલા ૧૬૦ પ્રશ્નો

'મુંબાઈ સમાચાર' પત્રમાં તા. ૨૧-૧૨-૨૮ ના લેખથી તમોએ મને એક અઠવાડીઆમાં સાબીત કરવાની ચેલેંજ આપી હતી તેટલા ટુંક ટાઇમમાં છાપાથી નિર્ણય થઇ શકે નહિ, અને તમે તેવી રીતે નિર્ણય લાવવાનું લખ્યું પણ ન હતું, તેથી તેજ તારીખે તાર કરી શ્રીમાન્ વલ્લભવિજયજીને લઈને આવવાનું મેં તમોને જણાવ્યું કે જેથી મારૂં કરેલું વ્યાખ્યાન હું તમારા બંનેની સમક્ષ સાબીત કરૂં. આ તાર તા. ૨૧ મીએજ મેં દેહગામથી કર્યો હતો તેનો ઉત્તર આપવામાં તમારા તરફથી ઢીલ થઇ અને છેવટે ચાર દિવસ પછી તમોએ તારથી જણાવ્યું કે, 'મારી ચેલેંજ સમજ્યા હોય એમ લાગતું નથી.' તેના ઉત્તરમાં તમોને તારથીજ જણાવવામાં આવ્યું હતું કે, 'જો મારા વ્યાખ્યાનને અંગે તમારી ચેલેંજ હોય તો તમારે શ્રીમાન્ વલ્લભવિજયજીને લઇને જરૂર આવવુંજ જોઈએ.' આવી રીતે તમોને તારથી જણાવ્યા છતાં તમો ન આવ્યા. ત્યારે ફરી તમને તારથી ખબર આપ્યા કે, 'શ્રીમાન્ વલ્લભવિજયજી અમદાવાદ મુકામે આવેલ હોવાથી તેમને ત્યાં રોકવા, અને હું ત્યાં આવી મારૂં વ્યાખ્યાન સાબીત કરૂં' અને એવીજ રીતનો એક તાર અમદાવાદ નગરશેઠ વિમળભાઇ મયાભાઇ અને શ્રી સંઘ સમસ્ત ઉપર પણ કર્યો, જેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે, 'મોતીચંદની ચેલેંજ શ્રીમાન વલ્લભવિજયજીને અંગે હોવાથી તેમને ત્યાં રોકો અને ટાઈમ મુકરર કરો. જે ઉપર હું ત્યાં આવું અને તે બાબતના ખબર મોતીચંદને આપો.'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આટલો બધો પ્રયત્ન કરવા છતાં તમારી કે તમે જેની તરફથી ચેલેંજ કરી હતી તે શ્રીમાન્ વલ્લભવિજયજી તરફથી મારા વ્યાખ્યાનનો ખુલાસો લેવાને માટે મળવામાં આવ્યું નથી, તેમજ તા. ૧૦-૧-૨૯ ના હેન્ડબીલથી જાહેર કર્યા છતાં શ્રીમાન્ વલ્લભવિજયજીએ હું ઉપધાનાદિના ખર્ચને નકામું નથી કહેતો એમ જાહેર કરવાનું હતું તે કર્યું નથી તેમજ મોતીચંદે પોતાનો લેખ જુઠા રિપોર્ટના આધારે હોવા છતાં પાછો ખેંચી લીધો નથી, તેથી હું તમારા તા. ૨૧-૧૨-૨૮ ના 'મુંબાઇ સમાચાર' પત્રના લેખ ઉપર નીચે મુજબ પ્રશ્નાવલિ જાહેર કરૂં છું અને તેનો યથાયોગ્ય ઉત્તર આપવો એ તમારી ફરજ છેઃ—

૧. 'મેં છેલ્લું શસ્ત્ર ફેંકયું છે,' આ તમારા વાકયમાં તમે હજુ સુધી સુધારો નથી કર્યો તો હજુ પણ કરવો છે કે કેમ?

૨. 'દાંભિક આસ્તિકતા' તમોએ લખી છે તે તમારે સુધારવી છે કે કેમ?

૩. 'કેળવણી વિરોધ અને સંસ્થાઓનો અસત્કાર' આ વાકય તમે મારા વ્યાખ્યાનના કયા વાકય ઉપરથી કહો છો? ધાર્મિક શ્રદ્ધા સિવાયની કેળવણીને માટે જે વિષય હતો તેને સામાન્ય કેળવણી તરફ ધિક્કાર એમ જણાવીને તમો બીજાઓને ખોટી રીતે ઉશ્કેરો છો કે બીજું કાંઇ?

૪. મારા વ્યાખ્યાનને અંગે 'બાલિશ અપલાપ અને તુચ્છ કટાક્ષો' એ વાકય લખવામાં હજુ સુધી તમને તમારી ભૂલ જણાય છે કે કેમ?

૫. શરૂઆતનાજ તમારા લેખમાં તા. ૧૪-૧૨-૨૮ નો રિપોર્ટ બશબર હોવાનું તમોએજ શંકિત જણાવ્યું છે, તો તેજ રિપોર્ટને અંગે તમોએ લખેલો લેખ તમને અવિચારી પગલાં તરીકે નથી લાગતો?

૬. તા. ૧૪-૧૨-૨૮ ના 'મુંબાઇ સમાચાર' માં આવેલો રિપોર્ટ યથાર્થ નથી અને તેથી તેને અંગે તમારે કાંઇ પણ હીલચાલ ન કરવી અને અમારી તરફથી ખરો રિપોર્ટ 'મુંબાઇ સમાચાર ઉપર ગએલો છે તે આવે ત્યાં સુધી તમારે થોભવું એવી નોટિસ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"ધી યંગ મેન્સ જૈન સોસાયટી (શ્રી જૈન યુવક સંઘ) ના પ્રમુખ તરફથી સોલિસિટર દફતરી ફરેરાદ્વારાએ તે સભા ઉપર કે જે સભામાં તમો અને તમારા કુટુંબી આગેવાન હતા ને તમારા ભાઇ જેના પ્રમુખ હતા તેની ઉપર આવેલી અને જેની જાહેર છાપામાં નોંધ પણ આવી ગઇ છે તે તમે જાણતા હતા એમ ખરૂં? અને તે જાણ્યા છતાં જ તમે તા. ૨૧–૧૨–૨૮ વાળો લેખ લખ્યો છે કે?

૭. તા. ૧૯–૧૨–૨૮ ના "મુંબાઇ સમાચાર" પત્રમાં 'સોસાયટી' તરફથી મારા વ્યાખ્યાનનો રિપોર્ટ તમે વાંચ્યો હતો કે કેમ? જો તે વાંચ્યો હતો તો સોસાયટી તરફથી પ્રામાણિકપણે જણાવવામાં આવેલો અને જેની ઉપર સાફ સાફ રીતે 'સત્તાવાર' શબ્દ લખવામાં આવેલો તે વાંચ્યા પછી તમારો લેખ કે જે તા. ૨૧–૧૨–૨૮ ના 'મુંબાઇ સમાચાર' પત્રમાં બહાર પડેલો છે તેને રોકવાની તમારી ફરજ હતી કે નહિ?

૮. જૈન કોમની પ્રગતિ શું શ્રદ્ધાહીનોના તિરસ્કારને લીધે હીન દશામાં આવે છે એમ તમો માનો છો? તા. ૧૪–૧૨–૨૮ ના રિપોર્ટમાં શ્રદ્ધાયુક્ત મનુષ્યોને તિરસ્કારવામાં આવેલા હોય તેવું એક વાકય પણ દેખાડી શકશો?

૯. શ્રદ્ધાયુક્તોને શ્રદ્ધાના રક્ષણને માટે શ્રદ્ધાહીનોથી બચાવવાને માટે કરવામાં આવેલો પ્રયત્ન શું જૈન કોમની અંદર માંહોમાંહેના કલેશનું બીજ છે એમ ધર્મ રૂએ તમો માનો છો ખરા?

૧૦. જૈન ધર્મમાં શ્રદ્ધાહીનોને ધર્મખાતાના પૈસાથી પોષવા એ શું સ્વીકારાએલો નિયમ છે?

૧૧. નાસ્તિક કે શ્રદ્ધાહીનોથી આસ્તિક કે ધર્મીઓને બચવા સારૂ પ્રયત્નો કરવા કરવા પડે તેને જૈન ધર્મના સ્વીકારાએલા નિયમોનો નાશ કરનાર માનો છો?

૧૨. જૈન ધર્મના સ્વીકારાએલા જે નિયમો છે તેને તમો માન્ય ગણો છો કે કેમ? અને માન્ય કરો છો તો કયા કયા? ને તે કયા કયા શાસ્ત્રના આધારે? તથા તેનો નાશ આસ્તિકોને બચાવ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાથી થાય છે એમ શાથી માનો છો ?

૧૩. જો તમો જૈન ધર્મમાં સ્વીકારાએલા નિયમોથી વિરૂદ્ધ નિયમોને જૈન ધર્મના નિયમો બતાવનાર હો તો ન્યાયપુરસ્સર તમો કયી શિક્ષાને પાત્ર થાઓ ?

૧૪. વ્યર્થ પ્રલાપ, હૃદયના ઉદ્દગારો આ શબ્દો તા. ૧૪-૧૨-૨૮ ના રિપોર્ટ ઉપર આધાર રાખીને લખતાં તમનેજ શંકિત લાગેલા કે કેમ ? અને હવે આ શબ્દો લખવાને માટે તમને શરમ જેવું કેમ નથી લાગતું ?

૧૫. તમોને તત્ર ( મુંબઈ ) સ્થ આચાર્યશ્રીએ તા. ૧૪-૧૨-૨૮ ના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ' અમો બોલીએજ નહિ ' એવું તેજ દિવસે જણાવ્યું હતું એમ તમો તમારા લેખમાં લખો છો એ વાત ખરી કે ? અને જો તેમ હોય તો તમારા મગજમાં ભુતજ ભરાયું હતું એમ માનવાનો દરેક જૈનને હકછે કે નહિ ?

૧૬. તા. ૧૪-૧૨-૨૮ ના રિપોર્ટના ખરાપણાને અંગે તમોએ તેજ દિને પત્ર લખી મને પુછાવ્યું હતું તો તેના ઉત્તરની રાહ જોયા વિના તમોએ તા. ૨૧-૧૨-૨૮ વાળો લેખ લખવામાં અવિચારીપણુંજ કર્યું છે એમ માનવામાં જૈનજનતા વ્યાજબી છે કે નહિ ?

૧૭. શ્રદ્ધાયુક્ત કેળવણી લેનારા અગર તેવી રીતે કેળવણી આપનારા ઉપર તા. ૧૪ અગર તા. ૧૯-૧૨-૨૮ ના રિપોર્ટમાં જે આક્ષેપ હોય તે તમો કેમ જણાવી શકયા નથી ? અને જો ધર્મહીન અને શ્રદ્ધાહીનોની કેળવણીને માટે તેમાં આક્ષેપ હોય તો તે આક્ષેપને સામાન્ય કેળવણી ઉપર લાગુ કરવામાં તમારી દાનત અધમ નહોતી તે કેમ કહી શકો ? તમારો લેખજ તમારી કેળવણીને તેમ ગણવાનું કહે છે એમ કેમ ન મનાય ?

૧૮. ધાર્મિક શ્રદ્ધા ઉત્પન્ન કરવા અને વધારવા સાથે કેળવણી દેનારી સંસ્થા ઉપર તેમાં કોઇ પણ જાતના આક્ષેપ છે નહિ અને હતો પણ નહિ એ સ્પષ્ટ છે તો પછી તમારી સંસ્થા ઉપર આક્ષેપ તમોએ ઓઢી લીધો તેનું કારણ શું ? તમારી સંસ્થા શું આક્ષેપવગરની સંસ્થાઓથી વિરૂદ્ધવર્તનવાળી છે એમ તમો માનો છો ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૯. તમોએ શ્રીમાન્ વલ્લભવિજયજીને 'જમાનાના ઓળખનાર' એમ જણાવ્યા છે તો તેઓ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને લક્ષમાં રાખીને જમાનો ઓળખે છે એમ ગણો છો કે તેનું દુર્લક્ષ કરીને ઓળખે છે એમ ગણો છો?

૨૦. આ જમાનામાં જે નિર્ગ્રંથ અને સ્નાતક વિ૦ તેમજ પરિહાર વિશુદ્ધ વિ૦ ચરિત્રો નથી તેથી તેનાથી હીનકોટિનાં ચારિત્રો કે જે 'બકુશકુશીલ' ના નામે ઓળખાય છે તેનેજ શુદ્ધ ચારિત્ર કહો છો કે બીજા કોઈને?

૨૧. વ્યાવહારિક કેળવણી માટે સાધુઓએ ઉપદેશ આપવો ને તેને માટે ફંડ કરાવી દેવું એને તમો શુદ્ધ ચારિત્ર ગણો છો? અને જો તેમ હોય તો તે સશાસ્ત્ર છે એમ સાબીત કરશો કે નહિ?

૨૨. વ્યાવહારિક કેળવણી, મલ્લવિદ્યા વિગેરેનો ઉપદેશ દેનારા સાધુઓ શુદ્ધ ચારિત્રવાળા છે એમ મનાવવામાં તમે કાંઇ શાસ્ત્રીય પુરાવો આપો છો?

૨૩. જે સંસ્થામાં ધર્મને બ્હાને દેડકા જેવા પંચેંદ્રિયજીવોની હત્યા કરનારા પોષાતા હોય અને તે હત્યાને ધર્મ તરીકે માનનારા બીજા પોષાતા હોય તેવી સંસ્થાને ઉત્પન્ન કરવાવાળા અને વધારવાવાળાનું ચારિત્ર શુદ્ધ છે એમ બતાવવામાં શાસ્ત્રીય પુરાવો કાંઈ આપી શકો એમ છો કે?

૨૪. ધર્મ તરીકે ખર્ચાવાતી અને ખર્ચવા કાઢેલી રકમનો ઉપયોગ જો વ્યાવહારિક, મલ્લયુદ્ધ અને નાટક જેવી કેળવણીઓમાં જે સાધુઓ કરાવે તેઓનેજ તમો શુદ્ધ ચારિત્રવાળા માનો છો?

૨૫. શ્રુત કેવલી ભગવાન શય્યંભવસૂરિજી, નક્ષત્ર, સ્વપ્ન, યોગ, નિમિત્ત, મંત્ર અને વૈદિક વિદ્યાને જીવહિંસાનું સ્થાનક ગણાવી તે વિદ્યાઓ ગૃહસ્થને કહેવાની પણ મનાઇ કરે છે એ વાત તમારી જાણમાં છે કે નહિ? જો જાણમાં હોય તો વ્યાવહારિક કેળવણી માટે શાસ્ત્રમાં નિષેધ નથી તેવું તમો કયી રીતે કહી શકો છો?

૨૬. તમારા જણાવેલા 'પવિત્ર મહાપુરૂષે' યોગની ઉત્થાપના જાહેર પત્રોમાં કરી હતી તે તમારી જાણમાં છે કે? તેમજ હમણાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થોડી મુદતથી જૈનતત્વના મૂળભૂત 'નવકાર'ના સાધનરૂપ ઉપધાન, તેમજ નવપદ, આરાધન જેવી ક્રિયાઓને અંગે થતા ખર્ચને 'ધૂમાડાદિ' જેવાં વિશેષણોથી નવાજી હતી તે તમો જાણો છો કે ?

૨૭. તા. ૧૯–૧૨–૨૮ ના 'મુંબાઇ સમાચાર'માં આવેલા રિપોર્ટ ઉપરથી શું તમારા જાણવામાં નથી આવ્યું કે એક શ્રાવકે મને તેજ વ્યાખ્યાનમાં જણાવ્યું કે, "જે સાધુઓ શ્રીમાન્ વલ્લભવિજયજી આદિ આવું કહેનારા છે તેઓની સાથે સાધુઓ અસહકાર કેમ નથી કરતા ?" જેના ઉત્તરમાં મારે ને બીજા કોઇને તેઓ સાથે સંબંધ નહોતો તે મેં ત્યાં સ્પષ્ટ જણાવ્યું હતું. આ હકીકત જાણ્યા છતાં તમારૂં થએલું લખાણ કેવળ તમારી મનોદશાને ઓળખાવનારજ થાય છે એમ નહિ ?

૨૮. "એમાં કાંઇ દીર્ઘદૃષ્ટિ નથી, પ્રલાપો છે" એ વાકયો લેખની શરૂઆતમાં આપતાં તમારા હૃદયની દશા લેખ લખવા પહેલાંથીજ કેવી હતી તે સ્પષ્ટ થાય છે કે નહિ ?

૨૯. 'ષડ્ દર્શન સમુચ્ચય,' 'શાસ્ત્ર વાર્તા સમુચ્ચય,' 'યોગ શાસ્ત્ર' તેમજ તેવા બીજા પ્રૌઢ ગ્રંથોમાં નાસ્તિકનાં લક્ષણ જણાવતાં જીવ, મોક્ષ, પુણ્ય, પાપ, અને તેના ફળરૂપ સદ્‌ગતિ, દુર્ગતિ નથી એમ કહેનાર નાસ્તિક છે એમ જે જણાવ્યું છે તે તમોને માન્ય છે કે કેમ ?

૩૦. તમારા પોતાનાજ લખેલા ગ્રંથોમાં નાસ્તિક મતનો ઉલ્લેખ કરતાં તમોએ તેઓનું જે લક્ષણ જણાવ્યું છે તે અત્યારે સત્ય માનો છો કે કેમ ? અને ન માનતા હો તો હવે નાસ્તિકનું લક્ષણ કયું માનો છો અને કયા શાસ્ત્રના આધારે તે પ્રમાણેની તમારી માન્યતા છે ?

૩૧. જૈન શાસ્ત્રોમાં નાસ્તિકનું લક્ષણ જે જણાવેલું છે તેને અનુસરીને જૈન ધર્મની શ્રદ્ધાવાળાએ નાસ્તિકનું લક્ષણ પ્રતિપાદન કરવું અને તે આધારે નાસ્તિક આસ્તિકની વ્યવસ્થા પ્રતિપાદન કરવી તે અયોગ્ય ગણો છો ? અને જો તેમ હોય તો તમો



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શા આધારે નાસ્તિક આસ્તિકની વ્યવસ્થા કરો છો?

૩૨ વેદની ઉત્પત્તિ પહેલાં બધા આસ્તિકોજ હતા અગર નાસ્તિકોજ હતા તેથી તે બાબતનો તે વખતે મતભેદ નહોતો એમ જે તમે કહો છો એ સાબીત કરવાને શાસ્ત્રીય પુરાવો જણાવશો ખરા?

૩૩ જૈન ધર્મ માનનારો વકતા જૈન ધર્મ માનવાવાળા શ્રોતાઓ આગળ વ્યાખ્યા કરે તે વખત ઉપાદેય ને હેયની એમને વ્યાખ્યા જૈન ધર્મને અનુસારેજ કરે કે અન્યથા કરે?

૩૪ વેદાનુયાયીઓ જૈનોને નાસ્તિક કહે એ વાત તમો પુરાવા તરીકે આપોછો કે નાસ્તિક કથનની અશકયતા જણાવવા માટે આપો છો? જો પુરાવા રૂપે આપતા હો તો તમારે તે માન્ય છે? અને જો માન્ય હોય તો તમારી ચેલેંજના પાત્ર પોતાનામાં જૈનપણું માને છે કે નહિ? અને જો માનતા હોય તો ખુદ તમારા પુરાવાથીજ તમોજ તેઓને નાસ્તિકની દશામાં લાવ્યા એમ માનવું કે નહિ? વળી આસ્તિક આદિની વ્યાખ્યાને અશકય બનાવવા જો તે વાકય તમોએ જણાવ્યું હોય તો તે વ્યાખ્યાને અશકય બનાવવાનું કારણ તમોને કે કોઇને કોઇપણ નાસ્તિક ન ગણે એજ કે બીજું કાંઇ? અને જો તમારે તે વાકય માન્યજ નહોતું તો પછી આ લેખમાં તેને સ્થાન આપવામાં તમે જૈનના વિરોધીઓને ઉંચા ગણી જૈન કોમને હલકી ચીતરવાનું પગલું શામાટે ભર્યું?

૩૫ તમે વેદાનુયાયીઓના વાકયના આધારે સમગ્ર જૈનકોમને નાસ્તિક કહેવા તૈયાર થયાછો એ ખરૂં કે નહિ?

૩૬ બધા અંગ્રેજી ભણેલા પુણ્ય પાપને નથીજ માનતા એવું મારા વ્યાખ્યાનના કયા રિપોર્ટમાં વાંચ્યું છે? ને તે વાકયજ અક્ષરે અક્ષર ટાંકવાની જરૂર હતી એમ તમને લાગે છે કે નહિ? હજુ પણ તે વાકય ટાંકી શકશો?

૩૭ જે સંસ્થાઓની પાછળ ત્રીસ ત્રીસ વર્ષથી નાણાં ખર્ચ્યાં છે તેઓની [illegible]

કરવાવાળાઓમાંથી કાંઈક કાંઈક અંશે પણ શાસનસેવકો પાકે તો પછી તે સંસ્થાઓમાં ખર્ચાએલાં નાણાંનો દુરૂપયોગ છે એમ કહેવામાં બધા અંગ્રેજી ભણેલાઓને નાસ્તિક કહેલા ગણી લેવું એ કેટલું વ્યાજબી ગણાય? છતાં, તમારા હિસાબે તો તમોએ મહાત્મા તરીકે માનેલા ગાંધીજી વિગેરેએ પણ સ્પષ્ટપણે પાશ્ચાત્ય કેળવણી લેવાવાળાને નાસ્તિક જાહેર કર્યા છે તે વાંચવા માટે 'નવજીવન' વિગેરે ઉકેલવાની તમોએ તસ્દી લીધી છે? અને તે વિષે તે વખતે કાંઈ વાંધો ઉઠાવ્યો છે? તે વખતે ન ઉઠાવ્યો તે અત્યારે ઉઠાવ્યો તેનું કારણ શું એ નહિ કે આ વ્યાખ્યાનથી તમારો શિકાર થતા ધર્મીષ્ઠો બચી જશે એમ તમોને લાગ્યું?

૩૮. જ્યારે અત્યારનો પવનજ જડવાદનો ફુંકાઈ રહ્યો છે અને આસ્તિક ગણાતા લોકો પણ નિર્ભયપણે નિરંતર પુણ્યપાપની તેવી શ્રદ્ધાવાળા ઘણા ઓછાજ તેવા નીકળે છે તો પછી અંગ્રેજી ભણેલામાં ૯૮ ટકા મનુષ્યો નિર્ભયપણે પુણ્યપાપની માન્યતા ધરાવે છે તે વાત તમે કેવો હિસાબ કરીને દેખી છે?

૩૯. મારા વ્યાખ્યાનના ભાવાર્થને તમે સમજ્યા તો નાસ્તિકોને પુણ્ય પાપ, સદ્‌ગતિ દુર્ગતિ વિગેરે નહિ માનવામાં "संयमो भोग वंचना।" એ મુદ્દોજ મુખ્ય છે અને તે વાત ષડ્‌દર્શનકાર સ્પષ્ટપણે જણાવે છે અને તે પાઠના આધારે મારા કથનને અનુસરીને અંગ્રેજી ભણેલાઓ ૯૮ ટકાને આસ્તિક બતાવવા શું તમે તૈયાર છો? શું તે ૯૮ ટકા પ્રમાણ મનુષ્યો સર્વત્ર સર્વદા સંયમને શ્રેયસ્કર માને છે એમ તમો પુરાવાથી જણાવી શકો છો?

૪૦. તમારો મત જૈન શાસ્ત્રથી જુદો નથી તો પછી જેઓ જૈન શાસનના મતને માન્ય નહિ રાખનાર હોવા સાથે જૈન નામધારીઓ હોવાથી બીજા પણ આસ્તિક મતને માન્ય ન રાખતા હોય તો તેઓ તમારી માન્યતા પ્રમાણે પણ નાસ્તિક ગણાય એમાં તમારો શો વાંધો છે?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪૧. અક્કલ વાપરી સવાલો પૂછનારને મેં નાસ્તિક કહેવા માગ્યા છે આવી તમારી કલ્પનામાં કાંઈ પુરાવો આપો છો કે ?

૪૨. શું તમારે ખુદને કે બીજાઓને મારી સાથે થએલા પરિચય વખત પ્રશ્ન પુછવાના પ્રસંગ નથી આવ્યા? અને જો આવ્યા છે તો તે વખત અક્કલ ઘરાણે મેલીને તે પ્રશ્નો કર્યા હશે? અને જો અક્કલ ચલાવીને પ્રશ્નો કરેલા હોત તો તે વખતે નાસ્તિક તરીકે ગણેલા હોય તેનો પુરાવો આપશો કે ?

૪૩. જૈનોની આગળ શૈવ, વૈષ્ણવ વિ૦ લોકો 'જી, હા' નથી કરતા તે તમને માલુમ છે કે નહિ ? અને તેટલા માત્રથી જૈનોએ પોતાના સિવાયના તમામ મતવાળાને નાસ્તિક–ચાર્વાક કહ્યા હોય એમ તમો પુરાવાથી સાબીત કરી શકશો ?

૪૪. શાસ્ત્રકારોએ તેમજ આજના ગીતાર્થ સાધુઓએ કોઇપણ દિવસ 'જી, હા' માત્રથી આસ્તિક અને 'ના, ના' માત્રથી નાસ્તિક કહ્યા હોય તેવો પુરાવો આપી શકશો?

૪૫. હું ભુલતો ન હોઉં તો તમોએ મારાં વ્યાખ્યાનો સાંભળ્યાં છે તેમાં 'જી, હા' કહેવાવાળાને આસ્તિક અને તે સિવાયનાને નાસ્તિક કહ્યા હોય તેવો પુરાવો તમો આપશો? સવાલો પૂછવાની બંધી હમોએ કદી નથી કરી પણ તમારા ચેલ્રેંજપાત્રેજ હમણાં કરી હતી તે તમોએ સાંભળ્યું છે કે નહિ ?

૪૬. જમાનાની જરૂરીઆત સમજીને દેશકાળના સૂત્રને માન્ય રાખનારા–આ વાક્યમાં શ્રદ્ધા, આશ્રવ, સંવર આદિ તત્ત્વો જમાના પ્રમાણે ફરે છે એમ જણાવો છો? તેમજ જમાનાના અંગે ગૃહસ્થોની જ જરૂરીઆતને જ જેઓ પોષે કે વધારે તેનો સંયમ તૂટે એમ તમો માનો છો કે નહિ? ન માનતા હો તો તમારા માનીતાઓને પૂછશો કે શાસ્ત્રોમાં ગૃહસ્થોના વેપાર સંબંધી આલસની પણ ઉપેક્ષા કરવી એજ સંયમ છે કે નહિ? અને જો તેઓ તે બાબતનો ખુલાસો દેવા ન માગે તો તેઓને આવશ્યક, દશવૈકાલિકનાં વાક્યો તમો બતાવી શકો એમ છો કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહિ ? વળી ગણધર આદિકે કરેલાં સૂત્રો ઉપરજ શ્રદ્ધાળુઓ સ્પષ્ટપણે સમ્યકતનું નિર્ભરપણું રાખે છે, પણ તમારા કાળનાં સૂત્રો કોણે રચેલાં છે અને તેના ઉપર નિર્ભર શ્રદ્ધા રાખવાથી આસ્તિકતા મળે એવું કયા જૈનશાસ્ત્રના આધારે કહો છો ?

૪૭. તમોએ “દશનોદ્યોત કરતાં જ્ઞાનના ઉદ્યોતને મહત્વ આપતા હોય” આ વાકયમાં દર્શનોદ્યોત અને જ્ઞાનોદ્યોત એ જુદા પાડેલા હોવાથી તમો શાસ્ત્રાધારે જણાવશો કે જેથી એમ મનાય કે દર્શન સિવાયનું જ્ઞાન શાસ્ત્રકારોને માન્ય હોય ? અગર દર્શનવાળો છતાં જ્ઞાનવગરનો હોય ?

૪૮. વકીલ, દાક્તર, બેરિસ્ટર, સોલિસિટર, એન્જીનીયર, વિગેરે ધંધાઓને માટે દેવાતા જ્ઞાનને જ્ઞાનોદ્યોત ગણવો અને તેથી તે જ્ઞાનને વધારવા માટે બધા સાધુઓએ ઉપદેશ કરવો લાયક છે એમ ગણાય ને તે બધા સમ્યગ્ જ્ઞાનના સ્વામી છે એમ માનવું એવું જણાવવાને માટે તમારી પાસે કોઇ શાસ્ત્રીય પુરાવો છે ?

૪૯. તમારા સાંભળવામાં આવ્યું છે કે જે વખતે શ્રાવકો જિનેશ્વરની પ્રતિમાની ભક્તિમાં શિથિલ આદરવાળા હતા તે વખતે તે દેશકાળને અનુસરીને જે સાધુઓ ભગવાનની પૂજા વિગેરે કરવા લાગ્યા તેઓને પણ શાસ્ત્રકારોએ માર્ગ વિમુખજ ગણેલા છે અને જો આ વાત તમારા સાંભળવા કે સમજવામાં આવતી હોય તો પછી દેશકાળના નામે સાધુ પાસે અસંયમ પોષાવવામાં તમને લાભ લાગે છે ?

૫૦. વ્યાવહારિક પ્રવૃત્તિઓ મુખ્યત્વે પેટ પૂરવાને માટે થાય છે એમ તમો માનો છો કે નહિ ? અને જોતમો તેમ માનતા હો તો તેવી પ્રવૃત્તિઓને માટે સાધુઓએ ઉપદેશ અગર આદેશ આપવો કે તે માટે ફંડ કરવું તે શાસ્ત્રસંમત છે એમ માનો છો ?

૫૧. ઉપધાન, ઉજમણાં વિગેરેને માટે થતું ખર્ચ જો અનર્થક હોય તો તમે તમારા ચિરંજીવીના લગ્નને વખતે ઓચ્છવ કરીને ખર્ચ કર્યો હતો કે નહિ ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫૨. ઉપધાન, ઉદ્યાપન, જીર્ણોદ્ધાર જેવા કાર્યોમાં દ્રવ્યનો વ્યય કરવાથી તે ધર્મના કાર્યને દેખનાર સાંભળનારને ધર્મની અનુમોદના અને કરનારને નિર્જરા સાથે પુણ્યબંધ થાય છે એમ તમો માનો છો કે નહિ?

૫૩. ઉપધાનાદિ કાર્યો, ધર્મની ઉન્નતિ કરવાવાળાં છે તથા સમ્યગ્ જ્ઞાનને અંગે તેની પહેલી જરૂરીઆત છે એમ માનો છો કે નહિ?

૫૪. દુનીઆદારીના જ્ઞાનને સમ્યગ્ જ્ઞાન ગણવું કે નહિ? જો તેને સમ્યગ્ જ્ઞાન ગણીએ તો 'અનુયોગદ્વાર' વિગેરેમાં નીતિશાસ્ત્ર વિગેરેને લૌકિક શાસ્ત્ર ગણી તેને સમ્યગ્ જ્ઞાનથી જુદા જણાવેલા છે તે તમારી ધ્યાનમાં છે કે કેમ? તેમજ તે જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે એમ તમો માનો છો કે નહિ?

૫૫. અત્યારની કફોડી આર્થિક સ્થિતિમાં ફેશનનું ખર્ચ ઘણું વધી ગએલું છે તે ઘટાડવા માટે તમોએ કાંઇ પણ ઉદ્યોગ કર્યો છે કે કેમ? તથા કેળવણી આપનારી સંસ્થાઓએ કેળવણી લેવા આવતા છોકરાઓને તેમના માબાપને ભારભુત ન થાય તેવી રીતે સાદી જિંદગીમાં રાખવાનું કર્યું છે કે કેમ?

૫૬. તમોએ ઉપધાનાદિને અંગે થતા ખર્ચોને "શ્રીમાન્ વલ્લભવિજયજી નિરર્થક માને છે" એવું તા. ૨૧ મીના તમારા પત્રમાં જે ધ્વનિત કર્યું છે તેનો તમારી પાસે મૌખિક કે લિખિત પુરાવો છે?

૫૭. જે મનુષ્ય ધર્મના કાર્યને અધર્મ માને અને અધર્મના કાર્યને ધર્મ માને તેને મિથ્યાત્વી કહેવો કે નહિ? અને ધર્મોનાં કાર્યો કરવા લાયક નથી એવું કહેવાવાળો નાસ્તિક કહેવાય કે નહિ?

૫૮. નવયુગના મનોરથો કયા કયા અને તે કેવા તે સ્પષ્ટ જણાવવાની જરૂર છે કે નહિ? જો નવયુગના મનોરથો ધાર્મિક હોય તો તે કયા અને તેમજ જો તે ધર્મરહિતપણાના હોય તો તો તેને પહોંચી વળવાનું કામ સાધુઓએ હાથમાં લેવું તે સાધુપણાને છાજતું જ નથી તે ખરૂં કે નહિ?

૫૯. સાધુઓ કયી સત્તા રાખીને બેઠા છે કે જેને સરી જવાનો ભય સાધુઓને છે એમ તમને લાગે છે અને તે સત્તા સરીને ધર્મો-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓના હાથમાં જાય છે કે અધર્મીઓના ? જો ધર્મીઓના હાથમાં જતી હોય તો ડરવાનું કારણ શું ? અને અધર્મીઓના હાથમાં જતી હોય તો સંઘ એટલો પણ નસીબદાર નથી કે પોતાને માથે અધમીઓની સત્તા ચલાવવા નજ દે અને તે કાર્ય અટકાવવું એ શું સાધુઓનું કાર્ય નથી ?

૬૦. સાધુઓને સત્તાનો લોભ છે એમ કહેવામાં અન્યોક્તિથી ધર્મ-હીન કેળવણીવાળાઓને સત્તા જમાવવી છે અને તેને માટે આ બધી ચળવળ છે એમ માનવામાં ભૂલ થતી તો નથીને ?

૬૧. સાધુઓને નથી બાયડી છોકરાં માટે પૈસા મેળવવાના, નથી છોકરાં પરણાવવા માટે પૈસા મેળવવા કે નથી વેપારરોજગાર માટે પૈસા મેળવવા. ફક્ત તેઓને તો જૈન શાસનનો ઉદ્યોતજ કરવો એ ધ્યેય હોય છે. છતાં તેમાં સત્તાધારીપણું લાગ્યું એ નવયુગવાળાઓનો સત્તાની ઇચ્છારૂપી દૃષ્ટિનોજ દોષ છે કે બીજુ કાંઇ ? ધર્માર્થી જીવોને ધર્મને માર્ગે લાવવા, સ્થિર કરવા એ સાધુઓનું કાર્ય છે, અને તેને નવયુગવાળાઓ સત્તાના નામથી વગોવે તે શું ધર્મનો નાશ કરવાનોજ પર્યાય ન કહેવાય ?

૬૨. મારા તા. ૧૨-૧૨-૨૮ના વ્યાખ્યાનમાં સંયમને ભોગવંચના તરીકે માનનારાઓનું ઘણું વર્ણન છે અને તે વર્ણન તમને વર્તમાન યુગના આંધલકીઆ જેવો લાગ્યો તો તમોશું એમજ જણાવવા માગો છો કે ચાલુ જમાનાના સંસ્થાના સંચાલકો અને તેમાં અભ્યાસ કરનારાઓ સંયમને ભોગ વંચનાજ માન-નારા છે ?

૬૩. સંયમને ભોગવંચના માનનારને નાસ્તિક ગણુરો અગર કહેવો તેમાં ધર્મના કયા મુદ્દાનો નાશ છે ? શું ભોગ એ ધર્મનો મુદ્દો છે એમ તમો માનો છો ?

૬૪. નાસ્તિકતાનું યથાસ્થિત નિરૂપણ કરવાથી કે ધર્મહીનતાને ધિક્કારવાથી જે સમાજના શરીરને પ્રહાર થતો હોય તે સમાજ જૈનસમાજ તરીકે ગણાવાને લાયક ગણાય એવો તમે શાસ્ત્રીય લેખ બતાવી શકશો ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૬૫. જૈન કોમનું ભવિષ્ય શ્રદ્ધાહીનોના ધિક્કારથી-આક્રાંત થઇ જાય અને શ્રદ્ધાહીનોને પોષવાથી આક્રાંત ન થાય એમ તમો જણાવો છો. તો જૈન સમાજનું ભવિષ્ય ધર્મહીનો ઉપર સુધરવાની આશા રાખે છે કે ધર્મના કરનારા અને તેના ઉપદેશકો ઉપર આધાર રાખે છે ?

૬૬. નાટકોમાં પાત્રોની સત્યતા નથી હોતી છતાં મોહની બહુલતાથી લોકો તે તરફ દોરાય છે. વળી દુનીઆદારીનાં કામો તરફ મોહ બહુલતાવાળાને તીવ્ર લાગણી રહે છે પણ તેવી લાગણી ધર્મ તરફ જે નથી રહેતી તે રાખવી જોઇએ આવું કહેનારા-શાસ્ત્રકારો "બળાપો" કરે છે એમ તમે માનો છો ? શાસ્ત્રોમાં ધન જેવી બુદ્ધિ ધર્મમાં રાખવી એમ કહેવામાં આવ્યું છે કે નહિ ? અને એ શું બળાપાનું વાક્ય છે ? જો તેમ ન હોય તો પછી શાસ્ત્રીય લેખોનું અલ્પ વાચન થતું હોય અને તેની સાથે અશાસ્ત્રીય લેખોનું બહુ વાચન થતું હોય તો તે વાચન કરનારાઓને સુધરવાનું કહેવું તેનું નામ બળાપો કહેનાર વસ્તુસ્થિતિને પલટાવી નાખે છે એમ નહિ ?

૬૭. વર્તમાનના ગીતાર્થ સાધુઓએ દલીલ વગર વિચારો રજુ કરવા માડયા છે. આ તમારૂં કથન કેવળ શ્રદ્ધાહીનપણાનું ખરૂં કે નહિ ? જે નવાયુગવાળાઓ પોતાની કેળવણીનું ઉચ્છૃંખલતા સિવાય બીજું ફળ સંસાર કે ધર્મમાં ન દેખાડી શકે તેમજ ગીતાર્થ સાધુઓથી આગમ અને યુક્તિ પ્રમાણપૂર્વક જે વિચારો રજુ કરાતા હોય તે દલીલ રહિત કહીને ફેંકી દે તેવાઓ પુણ્ય પાપ માનનારા છે એમ મનાય ખરૂં ?

૬૮. ધર્મના નાણાથી સ્થાપન થએલી અને તેથી જ પોષાતી સંસ્થાના તમારા વિદ્યાર્થીઓ ઉપાશ્રયમાં આવતાંજ શરમાય ને ઉપાશ્રયમાં આવતાં બૂટ વિ૦ ઉતારવાં પડે અને મર્યાદામાં રહેવું પડે અને તેથી તેઓ શરમના નામે ખસી જાય છતાં પોતાની શ્રદ્ધાહીનતાને ઢાંકવા માટે શાસ્ત્રીય વિચારોનેજ દલીલ રહિત કરાવવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માગે અને તે વાત તમે પણ સાચી માનો તેનું કારણ શું ?

૬૯. શાસ્ત્રકારોના વાક્યોને માનનારોજ સમ્યકત્ત્વવાળો કહેવાય. આ વાત સીધી છતાં "બાબાવાક્યં પ્રમાણું" કહી, તે વાતને હસી કાઢનાર મનુષ્ય નાસ્તિક નહિ તો બીજો કોણ ? શું સમ્યકત્ત્વ-ધારી જીવ શાસ્ત્રોના વચનોને હૃદયમાં સ્થાન આપ્યા વિના રહે ખરો ?

૭૦. નવયુગવાળાઓ યુક્તિથી સાચી વાતને માનવા માગે છે તો પછી તમોને શ્રીમાન્ વલ્લભવિજયજીને લઇને બોલાવ્યા તો કેમ નહિ આવ્યા ? આનો અર્થ એ નથી થતો કે દલીલોના નામે સત્યથી દૂર થવું છે ?

૭૧. વર્તમાન યુગના સાધુઓએ કઇ નવી વાત શરૂ કરી છે કે જે શાસ્ત્રીય ન હોય અને યુક્તિ સંગત પણ ન હોય કે જેથી તમને કે તમારા જેવા બીજાઓને શાસ્ત્રની શ્રદ્ધા હોય તે અરૂચિકારક થાય ?

૭૨. આશ્રવ અને પાપનું પોષણ થાય તેવા કાર્યોમાં સાધુઓને ઘસડી જવા એમાં કોઇ શાસ્ત્રીય પ્રમાણ કે યુક્તિ દઇ શકશો ?

૭૩. મી૦ મોતીચંદ, તમે, તમારા ગોઠીઆઓએ, કે તમારા ચેલેંજના પાત્રે, કયો જવાબ માગ્યો હતો કે જે આપવાની અશક્તિ હોવાથી આ નાસ્તિકતાનું શાસ્ત્ર તમારા પર ફેંકવું પડયું ? શું એ ખરૂં નથી કે તમારામાં પોતાની આસ્તિકતાની સ્થિતિ સાબીત કરી શકવાની શક્તિ ન હોવાથી તમે લેખમાં એકલો બળાપોજ કાઢયો છે ?

૭૪. તમારા આખા લેખમાં આસ્તિકો તરફ કયું ઉદાર દીલનું વાકય છે કે જેને અંગે તમે ઉદાર દીલ રાખવા માટે લેખન ચલાવો છો ?

૭૫. આસ્તિક નાસ્તિકની વ્યાખ્યામાં તમને જો અસ્તવ્યસ્તપણું લાગ્યું હોય તો તમારા આખા લેખમાં એવો એકપણ અસ્તવ્યસ્ત વિચાર જણાવવાનું કેમ ભૂલી ગયા ? આનો અર્થ એ નહિ કે નાસ્તિકોને નાસ્તિકપણામાં રહેવું છે, અને નાસ્તિક કહેનારના વિચારોને અસ્તવ્યસ્ત કહેવા છે ? શું તમો પુણ્યપાપાદિને ન માને અગર સંયમને [illegible] માને તેઓને આસ્તિક ગણવા તૈયાર છો ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૭૬. મી૦ મોતીચંદ, વિચાર એ શી વસ્તુ છે એ કાંઇ સમજ્યા છો અને જો સમજ્યા હો તો વિચારોમાં વાંચવાલાયકપણું અને દલીલ રહે છે એમ તમે કેવી રીતે માનો છો ?

૭૭. મી૦ મોતીચંદ, તમે એવું કયું જ્ઞાન રાખ્યું કે જેથી મને શાષાદિ સંબંધી વિચારજ નહિ આવ્યો હોય એમ કહેવાને તમે તૈયાર થયા ? કેમકે જ્ઞાન અને વિચાર એ સ્થુળ વસ્તુ છે કે સુક્ષ્મ છે ? અને પરમાં રહેલ તે પ્રત્યક્ષ છે કે પરોક્ષ ? એ બાબત કોઇ દિવસ તમને વિચાર આવ્યો છે ? જો આવ્યો હોય અને વસ્તુ સ્વરૂપ ધ્યાનમાં આવ્યું હોય તો આમ લખવાનું બને ખરૂં ?

૭૮. ધર્મ, અધર્મ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા એ બધી વસ્તુઓ અતીંદ્રિય છે અને તેથી તે આગમગમ્યજ હોય અને તેમાં જેઓ શ્રદ્ધા ન રાખે તેઓ તત્વથી વંચિત થાય એમ તમે માનો છો કે નહિ ?

૭૯. તમે વાંચવા લાયક વિચારો જણાવ્યા છે. તેમાં વિચારો વંચાય છે કે અનુભવાય છે તેનું વિવેચન કરી ખુલાસો કરશો ?

૮૦. આજના જમાનાને અંગે વાંચવા લાયકપણું કુતૂહલની વાતોમાંજ હોય છે, પણ આત્મકલ્યાણની વાતોમાં નથી હોતું. એ વાત તમોએ કોઇ જગો પર લખી હોય એમ તમને યાદ છે ? અર્થ અને કામના પદાર્થો તરફ આજનો જમાનો ઝુકયો છે, અને તેથીજ આ જડવાદનો જમાનો કહેવાય છે, એ તમને માલુમ નથી ? અને તમને પણ હવે અર્થ અને કામની સિદ્ધિ કરાવવાવાળા સાધુઓનીજ પસંદગી થાય છે. એ જમાનાનો પ્રતાપ નહિ?

૮૧. તમારા આખા લેખમાં મારા ભાષણની જે દલીલ તમારા મગજમાં ન ઉતરી હોય તે કેમ જણાવતા નથી ? અને દલીલો જાણવાવાળો સન્મુખ આવવા માટે આનાકાની કરે ખરો ? શું સ્વપ્ને પણ છાપાંઓદ્વારા સાચી દલીલો સમજવાનું બને એમ માની શકાય ખરૂં ? અને કદાચ એમ હોય તો તમારા લેખમાં તમે એવી દલીલ કયું લખી છે કે જેથી મારા [illegible] [illegible]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્યાખ્યાનને મારે વિચારવું પડે ? તમને યાદ નથી કે દલીલના દેવાળીઆઓનેજ કટુ, અસભ્ય અને તુચ્છ વચનો લખીને લેખો પુરા કરવા પડે છે ?

૮૨. શાસ્ત્રકાર જે કર્તવ્યનું ફળ નરકમાં જવાનું બતાવે તે કર્તવ્યના ફળ તરીકે નરકગમન પ્રતિપાદન કરવું એ શું દલીલ વગરનું ગણવું ? અને શાસ્ત્રકાર કે શાસ્ત્રના વાકયોને હાંસીમાં લઈ જનાર સખ્શ નાસ્તિક બને કે નહિ ?

૮૩. મી૦ મોતીચંદ, તમારા ચેલેંજ પાત્રના મુખમાંજ હિંદી શબ્દો રૂઢ થઇ ગએલા છે અને તેથી તેઓને યોગ્ય દલીલ ન સૂઝી હોય તે વખતે સત્ય ઉપર આક્ષેપ કરવા "તુમ નરકમેં જાયગા" એવું વાકય કહી દીધું હોય અને તે તમારા મગજમાં રમી રહેલું અત્યારે નીકળી પડયું હોય એમ તમને લાગે છે કે નહિ ? આશ્ચર્યની વાત છે કે તેમનું એક હિંદી વાકય પણ તમો બરાબર ધારી શકયા નહિ ! શ્રીમાન્ વલ્લભવિજયજી તો શું પણ હિંદી જાણનારો એક બચ્ચો પણ આવું વાકય હિંદીમા બોલે નહિ. 'તુમ' શબ્દ અને 'જાયગા' એ શબ્દો જો મેળવ્યા હોત તો માલુમ પડત કે આ વાકય લખનારને લખતી વખતે કેટલું બધું અજ્ઞાન છાઇ ગયું હશે ? સર્વ લોકોને માલુમ છે કે તા. ૧૨ મીનું જાહેર વ્યાખ્યાન ગુજરાતીમાંજ હતું તો પછી "આપ નરકમેં જાઓગે" એવું વાકય મારા મોઢામાંથી નીકળ્યુંજ કયાંથી ?

૮૪. આસ્તિકો ગીતાર્થના વચનો સાંભળતા નથી એ તમારી લખેલી બીના જો ખરી હોય તો તમારા બધાના કાનો ચમકયા કેમ ? તત્ત્વમાં આ શું સાચું નથી કે આસ્તિકોને શાસ્ત્રીય પ્રમાણ સહિત યુક્તિ પુરસ્સર આપેલો બોધ રૂચે છે ને નાસ્તિકોને તે નહિ રૂચતો હોવાથી તેઓને આપોઆપ આસ્તકોથી છુટા પડવાની ફરજ પડે છે !

૮૫. મારા કથનમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ વિગેરેને નહિ માનનારને નાસ્તિક ગણાવ્યા છે, પણ તેની જડ તરીકે 'સંયમીલોગ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વચના ' નું શ્રી હરિભદ્રસૂરિજીનું વાકય જણાવેલું છે તો તે પ્રમાણે કોઈ પણ સાધુ કે શ્રાવક હોય અને તે સંયમ લેવામાં ભોગના વિઘ્નાને આગળ કરતો હોય તો તે નાસ્તિક ગણાય એમ ખરૂં કે નાહ ?

૮૬. જે મનુષ્ય સાધુ થયો હોય અથવા ન થયો હોય છતાં એમ પ્રરૂપણા કરે કે હું સાધુ કરવા માગતોજ નથી તો તે પ્રરૂપણા આસ્તિકની ગણાય ખરી ? અને જો તે તેમ હોય તો તમારા ચેલેંજ પાત્રને પૂછી નિર્ણય કરી લેશો કે ?

૮૭. તમોએ ચેલેંજ આપી તે સ્વીકારી છતાં તમો તેઓને લઇને આવ્યા નહિ તેનું કારણ શું ? અઠવાડીઆની અંદર પેપરથી સત્ય બતાવવા એ કોઈ પણ પ્રકારે શકય ગણાય ખરૂં ?

૮૮. જે લોકો ધર્મક્ષેત્રોમાં વાપરવા લાયકની રકમને વ્યાવહારિક કેળવણીની પુષ્ટિમાં અપાવે તે સાચી ધર્મક્રિયાવાળો ગણાય ખરો ?

૮૯. હું તમારી ચેલેંજને સ્વીકારી શકું નહિ એમ જે તમારૂં લખવું થયું છે તે તમારી ચેલેંજના મુદ્દાને શું ઓછું બાધ કરનાર છે ? આનો અર્થ એમ નહિ કે ચેલેંજમાં બોલાવવા તૈયાર થવું છે અને પછી નિર્ણય કરાવવો નથી. એજ તમારી દાનત હોય ?

૯૦. મારે મારા વ્યાખ્યાનની સત્યતાની ખાતર તમારી ચેલેંજ સ્વીકારવી એ અનિવાર્ય હતું છતાં ચેલેંજ ફેંકનારે શરત સિવાય ચેલેંજ ફેંકાય એ વ્યાજબી ગણાય ખરૂં ? બદલા સિવાયની ચેલેંજ લખનારની કિંમત કેટલી ગણાય ?

૯૧. તમોએ શ્રીમાન્ વલ્લભવિજયજીની વતી જ્યારે ચેલેંજ કરી ત્યારે તમારી ફરજ તેઓને લઈને આવવાની હતી કે નહિ ? છતાં તમે શ્રીમાન્ વલ્લભવિજયજીને ત્રીજી વ્યક્તિ હોવાથી દાખલ કરવાની જરૂર નથી એમ જણાવ્યું તો તેમના વતીની ચેલેંજ ફેંકતાં તમને તે વિચાર કેમ નહિ આવ્યો ? ખરી રીતે તો તમે ચેલેંજ ફેંકવામાં મોટી ભુલ કરી હોય એમ તમને હજુ પણ કેમ નથી લાગતું ?

૯૨. અમદાવાદના નગરશેઠ વિમળભાઇ, શ્રીમાન્ વલ્લભવિજયજીને રોકે અને તારીખ મુકરર કરી, મને અને તમને ખબર આપે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે જેથી હું મારા વ્યાખ્યાનને સાબીત કરૂં એવા ભાવાર્થના મૂકેલા તારને તમોએ કેમ વધાવી લેવડાવ્યો નહિ ?

૯૩. તમારા દ્વારા પોષાતી સંસ્થામાં આટલા બધા વર્ષોથી જૈનીઓએ ધર્મના નામે નાણું ખરચ્યાં છે છતાં તેમાંથી તમારા લખવા પ્રમાણે અહિંસા ફેલાવવાવાળા કેટલા પેદા થયા ? અને કયાં કયાં અહિંસા ફેલાવી ? તેની નોંધ તમે આ લેખમાં કે તમારા પક્ષવાળાએ પણ કોઈ લેખમાં કેમ આપી નથી ? તમને કહેવું નહિ પડે કે જો તમારી સંસ્થામાંથી તેવા અહિંસાધર્મના ફેલાવનારાઓ અને તીર્થાદિના કાર્યને કરવાવાળાઓ નીકળ્યા હોત તો તમારી સંસ્થાને અંગે બીજી સંસ્થાઓ પણ ટીકાપાત્ર થતી બચી જાત. શું એ તમને માન્ય નથી કે તમારા હસ્તકની સંસ્થામાંજ પંચેંદ્રિય હત્યા કરનારા પોષાય છે ? આ બાબતમાં તમને એમ નથી લાગતું કે અહિંસા ફેલાવવાના ભવિષ્ય ઉપર તમારી સંસ્થા વર્તમાનમાં ઘોર હિંસાને પોષે છે ?

૯૪. જે સંસ્થામાંથી આટલાં બધાં વર્ષો થયા છતાં અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છતાં જગતમાં જૈનધર્મને વધારનાર કે તીર્થાદિને સાચવનાર એક પણ વ્યક્તિ કેમ પાકી નહિ ? તેવી સંસ્થા ઉપર તે બાબતની આશા રાખવી એ શું મિથ્યા નથી ?

૯૫. વ્યાવહારિક કેળવણીથી જે ધર્મ શરીરનો ઉદ્ધાર થાય છે એ વાત મોટા મોટા વિદ્વાન્ અને અનુભવીઓએ સર્વથા નિષેધેલી છે તે વાત તમારી અને તમારા ચેલેંજ પાત્રની ધ્યાન બહાર કેમ ગઇ છે ?

૯૬. મી૦ મોતીચંદ, શ્રીમાન્ વલ્લભવિજયજી ઉપાધાન આદિના ખર્ચને પાણી કે ધુમાડા તરીકે જણાવ્યો તેમાં તેમની તે વાણીને જે સાંભળનારા હોય તે સાચા ગણાય કે તમે તેમાં સાચા ગણાઓ ? શ્રીમાન્ વલ્લભવિજયજીનાં બધાં વચનો તમારી પાસે લખેલાં હોય અને તેમાં તપાસીને તેવું વાકય ન નીકળે તેથી બોલ્યા નથી એવું તમે કદાચ કહી શકો, પણ તે સિવાય તમે જે હિંમત ધરીને ચેલેંજ ફેંકી તે તમારૂં અવિચારી કાર્ય કેમ ન ગણાય ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૯૭. નવીન રોશનીવાળાને શ્રીમાન વલ્લભવિજયજી તરફ ધાર્મિક પ્રેમ છે કે બીજો પ્રેમ ? કેમકે જો ધાર્મિક પ્રેમ હોય તો સંસ્થામાંથી નીકળેલા સખ્શો કયા ધાર્મિક કાર્યોમાં આચરણાદિથી જોડાયા તેની નોંધ બતાવશો ?

૯૮. જુના વિચારવાળાને ધર્મોપદેશ આપવો અને નવીન વિચારવાળાને રસ લેતા કરવા એમ તમે લખ્યું છે તો તેથી નવીન વિચારવાળાનો રસ ધર્મ સિવાયનો છે એમ તમે સાફ જણાવો છો એમ માનીએ તો શું ખોટું છે ?

૯૯. ધર્મોપદેશ સિવાય બીજા રસ્તે મનુષ્યને રસ લેતો કરવો એ વાત તમે શાસ્ત્રની છે એમ જણાવો છો તો તમારે તે બાબતમાં શાસ્ત્રીય પુરાવો લખવાની જરૂર હતી કે નહિ ? શાસ્ત્રથી સિદ્ધ કરેલી વ્યાખ્યામાં તો વિરૂદ્ધ પડવું અને શાસ્ત્રના પુરાવા વગરની મન માનીતી વાતો શાસ્ત્રોને નામે લખવી તે કોને શોભશે ?

૧૦૦. વારંવાર તેઓને જમાનાના જોગી કહીને જે તમારી તરફથી ઓળખાવવામાં આવે છે તેજ તેમની તરફ શાસ્ત્રીય જોગિતાની શુન્યતા જણાવવા માગે છે એમ નહિ ? અથવા તો શાસ્ત્રીય જોગિતા કરતાં જમાનાની જોગિતા જેને કિંમતી લાગે તે મનુષ્ય ધર્મ અને શાસ્ત્ર બંનેને હલકા પાડનાર છે એમ ગણાય નહિ ?

૧૦૧. લોકોમાં પ્રતિષ્ઠા વધતી ચાલે તેને અંગે તમને નાસ્તિક કહેવામાં આવે છે એ કલ્પનામાં સત્યનો અંશ છે ખરો ? આ ઉપરથી તેમણે અને તમે જે કાર્યો વ્યવસ્થા અગર લખવા વિગેરેના દર્યાં છે તેનું ફળ લોકપ્રતિષ્ઠાજ ધારેલું હશે એમ માનીએ તો શું ખોટું છે ? અને તેવી રીતે જે કાર્ય કરે તેને શાસ્ત્રકારો તત્વમાર્ગથી દૂર કહે છે એ વાત ખરી ?

૧૦૨. શ્રી વલ્લભવિજયજીને સમસ્ત સંઘે આચાર્ય બનાવ્યા એમ જે તમોએ લખ્યું છે તેમાં પણ એટલું તો જરૂર જાણવું પડશે કે સમસ્ત સંઘનો કેટલામો ભાગ એમની આચાર્ય પદવીમાં સંમત હતો ? તમારોજ એક લેખક લખે છે કે આચાર્ય પદવીઓની કિંમતજ નથી તો સમસ્ત સંઘે તેવી કિંમત વગરની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પદવી તેઓને કેમ આપી? અને તેઓએ તે કેમ લીધી? તથા તમે તેનો દાખલો શું વિચારીને આપ્યો? શું આ વાત તમારી ધ્યાનમાં નથી કે શાસ્ત્ર મુજબ આચાર્ય અગર ઉપાધ્યાય આદિજ આચાર્યાદિ પદવી દેવામાં અધિકારી છે અને તે પણ જ્ઞાન અને યોગ બન્નેવાળાનેજ દઈ શકે છે, છતાં તમારી જણાવેલી આચાર્ય પદવી ખુદ તે ગામમાં કેટલી બધી છાની થઈ હતી અને શ્રાવકો તરફથીજ તે કરવામાં આવી હતી તે તમે જાણો છો કે નહિ? અને તે વાત એટલાજ ઉપરથી શું નહિ સમજાશે કે પ્રતિષ્ઠાની કંકોતરી જે ત્યાંના સંઘે બહાર પાડી હતી તેમાં પણ આચાર્ય પદવી દેવાનું નામનિશાન પણ નહોતું?

૧૦૩. જો સમસ્ત સંઘ તેઓને આચાર્ય પદવી આપતો હતો તો બીજી જગો પર તેમના સમુદાયમાં આચાર્ય થએલ, આચાર્ય પદ કરતા હતા તેજ દિવસે ધમાધમ કરવાનું કારણ શું હતું? એવી રીતે ધમાધમ કરીને સંઘાડાના મોટા આચાર્ય બેઠા છતાં સ્વતંત્ર રીતે સંઘ તેઓને આચાર્ય પદવી આપે એ તેમના સંઘાડાને માટે સારૂં ન ગણાય એમ ખરૂં ને?

૧૦૪. સાબીત કરવા માટે તમને તેમને લઇને બોલાવવામાં આવ્યા છતાં તમે ન આવ્યા તે તમારી હારેલાપણાની સ્થિતિ ખરી કે નહિ? શું તમને એમ નથી લાગતું કે જુઠા રિપોર્ટ ઉપર આધાર રાખી તમે જુઠીજ કલમ ચલાવી અને તેથીજ તમારે હારેલાની સ્થિતિમાં જવું પડ્યું?

૧૦૫. મેં કરેલી ટીકાને તમે છેલ્લા શસ્ત્ર તરીકે જણાવી તે ઉપરથી એમ માનવું શું ખોટું છે કે તમો મારી પાસે કાંઇ સાબીતીઓ નહિ હોય એમ ધારવામાં ઠગાયા હતા?

૧૦૬. શાસ્ત્રથી વિરૂદ્ધ પ્રરૂપણા કરનારની સાથે શાસ્ત્ર માનનારાઓનો અસહકાર હોય એ વાત શાસ્ત્રસંમત છે એમ તમો નથી જાણતા?

૧૦૭. સંયમના ૧૭ ભેદોમાં જે વાતને શાસ્ત્રકારે અસંજમ તરીકે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જણાવેલી હોય તે વાતને જાણી જોઇને જે કરે તેને કેટલા સંજમવાળો માનવો ?

૧૦૮. તમારા ચેલેંજના પાત્રે ધાર્મિક વરઘોડાઓ, ઉપધાન, કે ઉજમણાં કરાવેલાં છે કે નહિ ? અને જ્યારે તે કરાવેલાં છે એમ તમો માનો છો તો પછી તે ન કરવાથી તેમની પર આક્ષેપ થયો એમ તમે લખ્યું તેનું તત્વ શું ? શું તેમાં ધર્મ નથી એમ તમોને તેઓએ કહેલું હતું ? કે જેથી તમારે આવું લખવું પડ્યું ? ખરી રીતે તો બીજાઓના હસ્તક ધર્મકાર્યો થાય છે ત્યારેજ તમારા ચેલેંજ પાત્રને કાંઇને કાંઇ બોલવું પડે છે અને તેવી સ્થિતિમાં તેમની કયી લાઇન સમજવી તે તમો શું સમજી શકો એમ નથી ?

૧૦૯. આસ્તિકોએ મ્હાય જેવો નાસ્તિકની પ્રબળતાવાળો જમાનો થયો હોય તોપણ તેનાથી એક લેશમાત્ર પણ ભય નહિ ધારતાં આસ્તિકતા પ્રતિપાદન કરવી એ જરૂરી છે અને તે પ્રમાણેજ મારૂં કર્તવ્ય હતું અને છે એ શું તમારી ધ્યાનમાં નથી ? સર્વકાળમાં શ્રદ્ધાવાન અને ધર્મિષ્ઠ લોકોને દેવ, ગુરૂ અને ધર્મ ત્રણેને કસોટિ ઉપર ચઢાવીનેજ માનેલા છે શું એ તમે નથી જાણતા ? વળી તમારી સંસ્થામાં રહેનારા દેડકા મારતા હતા એ વાત જણાયા પછી ધર્મિષ્ઠ લોકોએ તેવી સંસ્થા તરફ ધિક્કારની લાગણી બતાવવામાં યોગ્ય પ્રયત્ન કર્યો એમ નહિ?

૧૧૦. જે માણસો પંચેંદ્રિય હિંસામાં સામેલ થનારી સંસ્થાને ધર્મના નામે પોષવાનું કહે તેનું નામ બકવાદ અને લવારો કહેવાય કે જેઓ શાસ્ત્રોના વાકયોના અનુસારેજ નાસ્તિકોથી સાવચેત રહેવાને માટે આસ્તિકોને ઉપદેશ દે તેનું નામ બકવાદ ને લવારો કહેવાય ?

૧૧૧. તમોને યાદ હશે કે જૈનશાસ્ત્રકારોએ સાતક્ષેત્રની યોજનામાં ચૈત્ય, જિનપ્રતિમા, જ્ઞાન ( શાસ્ત્રો ) સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ સર્વત્ર ક્રમ રાખ્યા છે અને તે ક્રમ પ્રમાણેજ દ્રવ્યની વ્યવસ્થાનો નિયમ પણ રાખ્યો છે કે જેથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીચે નીચેના—ક્ષેત્રનું દ્રવ્ય ઉપર ઉપરના ક્ષેત્રમાં વપરાય એમ જણાવ્યું છે આવી રીતે જ્યારે ચૈત્યાદિને અત્યંત ઉચ્ચ કોટિપર મેલ્યા છે તો પછી શ્રાવકને પેટ ભરવાની કેળવણી આપવા માટે તીર્થના ચૈત્યોના ઉદ્ધાર જેવા કામની તરફ વિચ્છેદની દૃષ્ટિએ પ્રરૂપણા કરાય તે આ જમાનામાં આસ્તિકો સાંખી શકે એ શું તમો નથી સમજતા ? એવું કોઇ પણ શાસ્ત્રોમાંથી તમે અગર તમારા અખંડ અભ્યાસી પુરાવા સાથે જણાવી શકો એમ છો કે સાતે ક્ષેત્રોમાં શ્રાવક શ્રાવિકા ક્ષેત્રજ બીજા પાંચ ક્ષેત્રોના ભોગે ઉદ્ધરી શકાય અને શ્રદ્ધાહીનોને પણ હિંસામય કેળવણી દેવા માટે વપરાતું દ્રવ્ય શ્રાવક શ્રાવિકા ક્ષેત્રનું પોષણ કરનાર ગણાય ?

૧૧૨. તમે દીધેલી અંગોરાની ઉપમા જો સાચી હોત તો અમે તેનું ઘણુંજ અનુમોદન કરત, પરંતુ શું તમે દેખી શકતા નથી કે અંગોરાવાળાઓએ સરી જતી રાજસત્તા સ્થિર કરી દીધી જ્યારે તમારી ત્રીસ ત્રીસ વર્ષની સંસ્થાઓના વિદ્યાર્થીઓએ એક પણ કાર્ય જૈનશાસનને લાભદાયી કર્યું નથી ? એટલુંજ નહિ પણ ઉચ્છૃંખલ વૃત્તિથી સાચી શિખામણ દેનાર પંન્યાસજી ક્ષાંતિવિજયજીની સામા જુઠો બકવાદ છાપા દ્વારાએ અને મુખે શરૂ કર્યો હતો તે તમો ભુલી ગયા છો ? જો આ વાત તમને માલુમ છે તો પછી તેવા અંગારાને અંગોરા સમજાવવા માટે બહાર પડતાં તમને શરમ કેમ ન આવી?

૧૧૩. ધર્મની કેળવણીની મુખ્યતા સાથેનીજ વ્યવહારિક કેળવણી માટે આસ્તિકોએ સંસ્થાઓ સ્થાપી છે, તેમાં સુજ્ઞોએ ભોગો આપેલા છે તે જાહેર હોવાથી તેનું વિવેચન કરવું એ જરૂરી નથી, પણ તમારે હાથે ચાલતી આવેલી સંસ્થાઓ કે જેમાંથી શ્રી શત્રુંજયના અંગે પિકેટિંગ કરવા તૈયાર થવાવાળા અને વિલાયતના સંઘને ધર્મ તરીકે ગણાવવાની કોટિવાળા માટે તો એક પણ સંસ્થા ખુલાવવા કે પોષાવવામાં એક પણ શ્રદ્ધાળુ સાધુ કે [illegible] જાણી શકો છો ?



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૧૪. જે સંસ્થામાંથી શ્રદ્ધાહીન અંગારાઓ પાકે તેવી સંસ્થાને સુધારવાની જરૂર છે એમ તમે માનો છો કે નહિ ? અને તેવી સંસ્થાને સુધારવાને માટે દેવામાં આવેલો સ્પષ્ટ ઉપદેશ જે સંચાલકો અને વિદ્યાર્થીઓ સ્પષ્ટ ન સમજી શકે અને પોતાની સંસ્થામાં સુધારો કરવા તૈયાર ન થતાં જ્ઞાનને વખોડયું, કેળવણીને ધિક્કારી, અજ્ઞાનને પોષ્યું એવા નિરર્થક બકવાદો શરૂ કરે તેવાઓને પોષવામાં સમ્યગ્ જ્ઞાનનો ઉદય કહેવો એ શું વ્યાજબી છે ?

૧૧૫. ૧૫૦ વર્ષ પહેલાં મંદતા અને નિરભ્યાસીપણું એમ જે તમે લખ્યું તો સર્વજ્ઞો, પૂર્વધરો વિ૦ પ્રભાવશાળી પુરૂષો દોઢસો વર્ષ પહેલાં થયા છે કે નહિ ? અને તેઓને નિરભ્યાસી અને મંદતાવાળા કહેવાનું કલંક આથી તમોને લાગે છે કે નહિ ? અને તેવી રીતે દુનિયાદારીના ધંધાના પોષણને અંગે જેઓ પૂર્વધર, અને સર્વજ્ઞોને મંદતાવાળા અને નિરભ્યાસી જણાવવા તૈયાર થાય તેવાઓ નાસ્તિક શિરોમણિ પણાની કોટિમાં આવે કે કેમ ? [ વધુ માટે જુઓ પા. ૩૦૧ ]

૧૧૬. દુનીયાદારીના હિંસામય અભ્યાસથી અને છળબાજીના ચોપડાઓ ઉકેલવાથી જે ભણેલા અને શ્રદ્ધાહીન હોય તે શાસનને ટકાવશે એવી માન્યતા તમે રાખો છો ? ભણેલાઓની ઉપર તિરસ્કારનો એક અંશ પણ મારા ભાષણમાંથી તમે જણાવ્યો છે ? શ્રદ્ધાહીન ભણેલા માટે મેં જે ટીકા કરી છે તે સાચીજ છે, હજુ પણ સાચીજ માનુંછું તે તેની વિરૂદ્ધ તમે કાંઇપણ પુરાવો દઇ શકયા છો ?

૧૧૭. ઘેર ઘેર ભીખ માગી ધર્મને નામે ઝોળી ભરી તે દ્રવ્યથી પોષાએલાઓએ શાસનમાં કોઇ દિવસ ઉદ્યોત કરેલો છે ? શ્રદ્ધાવાન ભાગ્યશાળીઓજ લખો અને કરોડો ખરચીને શાસનનો ઉદ્યોત કરી ગયા છે, કરે છે અને કરશે એ શું તમે નથી માનતા ? તમારી સંસ્થામાંજ મોટો ભાગ લેનાર શેઠ દેવકરણ

મળજી વિ૦ કેટલા સાક્ષર છે? અને તે આધારે તમે સંસ્થા ઉભી કરી અને ચલાવી છે કે કેમ? તમારી સંસ્થામાં આવેલા નાણામાં વકીલ, બેરિસ્ટરો તરફથી કેટલો હિસ્સો આવ્યો છે? અને જે શ્રદ્ધાવાનોને તમે નિરક્ષર કહીને વગોવો છો છો તેમના તરફથી કેટલો હિસ્સો આવેલો છે? શું તમને એમ નથી લાગતું કે તમો તેવા પુણ્યશાળીઓ પાસેથી પૈસા પણ લોછો અને તેમને ખાસડું પણ મારો છો?

૧૧૮. મી૦ મોતીચંદ, યાદ રાખજો કે તમે ભાગ્યશાળીઓને નિરક્ષરના નામથી વગોવો છો પણ તમારી સંસ્થામાં દેડકા આદિ હિંસાને અંગે કે આવી તમારી ખોટી વગોવણીને અંગે એક પૈસો પણ સમજુ પાસેથી નહિ મેળવી શકો, અને તેમાં તમારા વિદ્યાર્થીઓનું અંગારાપણું અને તમારૂં આવું અવિચારી ભાષણજ કારણ થશે છતાં તમે તેવખતે આ વાતને નહિ માનશો એમ ખરૂં કે?

૧૧૯. શ્રદ્ધાહીન એવા ભણેલાઓથી કોઈ પણ તીર્થનું કામ લાગણીથી થયું નથી એમ તમે માનો છો નહિ? બીજી કોમના ભણેલાઓએ પણ કરેલા તીર્થોના કામો શ્રદ્ધાવાળાઓએ આપેલા પૈસાના પ્રતાપેજ થયાં છે અને થાય છે એમ શું તમે નથી માનતા? તમારા શ્રદ્ધાહીન ભણેલાઓમાંથી એક પણ ભણેલો તીર્થાદિના કામમાં નથી આવ્યો એ તો જગ જાહેરજ છે તો તેવા શ્રદ્ધાહીન ભણેલાઓને વધારવા તે તેમને યોગ્ય લાગે છે?

૧૨૦. ભણેલાઓનું કામ પડે તેથી શ્રદ્ધાહીન એવા ભણેલાઓને પોષવા કે તૈયાર કરવા એ કયા ન્યાયે ઉચિત ગણ્યું? શું તમારા લખાણ પ્રમાણે અનાજ ધૂળમાંથી થાય અને તે ખવાય તો તેની સાથે ધૂળની કિંમત અનાજ જેટલી ગણાય ખરી? શું તમને એ માલુમ નથી કે પ્રાપ્ત થએલો અર્થ હોય તેનોજ સદુપયોગ કરવો એજ શાસ્ત્રીય વિધાન છે પણ અર્થને માટે અર્થને પેદા કરવો એ શાસ્ત્રીય વિધાન નથી?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૨૧. સાધુઓને જન્મ પામેલાજ મનુષ્યને દીક્ષા દેવાની હોય છે તો તેથી સાધુ કદી પણ તેની ઉત્પત્તિના કારણરૂપ અસંજમને સારો ગણે ખરો ? અને જો તેમ ન હોય તો શ્રદ્ધાવાળાઓ વ્યાવહારિક ભણેલાઓનો ખપ પડે તેટલા માત્રથી શ્રદ્ધાહીન અંગારાઓની અપેક્ષા છે એમ ગણવું તે તદ્દન અયોગ્ય નહિ ?

૧૨૨. મી૦ મોતીચંદ, તમારા જુના કે નવા વિદ્યાર્થીઓને પૂછી જોયું છે કે કોણ કોણ મારી આગળ સવાલ લાવ્યા અને તેનો ઉત્તર લીધા વગર પાછા ગયા ? પણ તમને તમારા ચેલેંજ-પત્રની વાત યાદ આવી જણાય છે, કેમકે તેમણે અમદાવાદના હાલના જ ભાષણમાં બીજા પાસે જણાવ્યું હતું કે, “ જે કોઇ આ સભામાં સવાલ કરશે તેને અપમાન કરી ઉઠાડી દેવામાં આવશે. ” આવી તેમની રીતિ હોવાથી તમને પણ કોઈક વખત તેઓએ તેમ કહ્યું હોય અને તેથીજ તમારા જેવાઓના હાથે તેવી પાપ પ્રવૃત્તિવાળી સંસ્થાને સ્થાપવા–અને પોષવા માટે તેમને બંધાવું પડયું હોય ?

૧૨૩. દેશના હિતૈષી લોકો દેશના ઉદ્દેશને લક્ષમાં રાખીને પ્રવૃત્તિ કરે પણ ધર્મના ઉદ્દેશથી પ્રવૃત્તિ કરનારાઓને ધર્મની સિદ્ધિને માટેજ પ્રયત્ન કરવાનો હોય, છતાં સાધુઓ પાસે પેટ ભરાવવાની કેળવણીને માટે નાણાંની આશા રાખવી કે તેમની પાસે તેવું મન ફાવતું બોલાવવું એ કયા મનુષ્યને લાયક ગણાય ?

૧૨૪. જે સંસ્થાના વિદ્યાર્થીઓને પચીસ ડગલાં દૂરના મકાનમાં ટીખળ કે ટાયલાને માટે આવવામાં, બૂટ સ્ટોકિંગ પહેરી બેસવામાં, બીડીઓ ફૂંકવામાં, અને શાસન વિરૂદ્ધ ઉપદેશો સાંભળવામાં રસ આવે, પણ ધર્મના મકાનમાં વ્યાખ્યાન સાંભળતાં, તેમજ સામાયિક, પ્રતિક્રમણ કરતાં, જેને શરમ આવે તે વિદ્યાર્થીઓના આચરણથી જો તેની પરીક્ષા ન થાય અગર તેના શાસન વિરોધી હલાહલ ઝેર જેવા વાકયોથી તેની પરીક્ષા ન થઈ શકતી હોય તો તમારી સંસ્થાના વધારે અભ્યાસની જરૂર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતી એમ કહેવું વ્યાજબી હતું કે તે સિવાય અભ્યાસની જરૂર બતાવવી વ્યાજબી હતી?

૧૨૫. મી૦ મોતીચંદ, શ્વેતાંબર જૈન સંસ્થાઓમાંથી નીકળનારા વિદ્યાર્થીઓની ધર્મ લાગણી અને દિગંબર જૈનની સંસ્થાઓમાંથી નીકળનારા વિદ્યાર્થીઓની ધર્મની લાગણીમાં આસમાન જમીન જેટલો ફેર છે એ શું તમારા અનુભવ બહાર છે? છતાં હવે હું આશા રાખું કે આટલી ટકોરથી તમારી સંસ્થાના વિદ્યાર્થીઓને તેવા તીર્થના ને શાસનના કામમાં ઉમંગી બનાવશો તો તે અસ્થાને છે એમ તો નહિને?

૧૨૬. શ્રદ્ધાહીન એવા કેળવાયલાઓને અંગારા કહેવામાં આવે અને જૈન સંસ્થાઓમાંથી ધર્મના ઝનુનવાળા જ કે જેઓ તીર્થ અને શાસનનું રક્ષણ કરે એવા પકવવા અને તેમાંજ જૈન સંઘે નાણાં આપવાં એમ કહેવામાં તમે દહિ દૂધમાં પગ શી રીતે ગણ્યો? શું તમારા મતે નાસ્તિક બનતા કેળવાએલાઓને મદદ આપે તેજ દહિ દૂધમાં પગ રાખનારો ના કહેવાય એમ છે? અને જો એમ હોય તો તમે ખુલ્લે ખુલ્લું જાહેર કરી શકશો કે શ્રાદ્ધ અને કેળવણી બેની ઇચ્છા તમે અમારી સંસ્થામાં રાખશો નહિ. અમારે અહીં તો શ્રદ્ધાહીન જ કેળવણી અપાશે.

૧૨૭. મી૦ મોતીચંદ, તમને માલુમ નથી કે સરકાર અન્યાયીઓને સજા કરીને અન્યાયથી રોકવા માગે છે. છતાં તે સજા પામનારા વારંવાર અન્યાય કરે છે પણ તેથી સરકાર પોતાનો ન્યાય કરવાનો મુદ્દો કોઇ પણ દિવસ છોડતી નથી. તેમ હાલના ભદ્રિક શ્રદ્ધાળુઓએ તમને નાણાં આપ્યા અને તેમાંથીજ તમે શ્રદ્ધાહીન અંગારા પકાવ્યા અને તમે તે શ્રદ્ધાળુઓનો વિશ્વાસ ખોયો છતાં તેવા અંગારાઓ શ્રદ્ધાળુઓની મદદ સિવાય બીજી જગો પર ભણે તેમાં શ્રદ્ધાળુઓને લવલેશ પણ પસ્તાવાનું નથી.

૧૨૮. શ્રદ્ધાળુઓ કોમના અંગારાને ઘણા વરસોથી સમજી શક્યા છે અને તેથી જ અંગારા પકવનારી સંસ્થા તરફ વરસાદ વરસાવવો બંધ કર્યો છે અને તેમાંથી અંગારા કેવા પાકે છે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ જૈન પ્રજાએ સારી રીતે જોઇ લીધું છે તેમ છતાં શું તમને યાદ નથી કે તેવા અંગારાઓથી શાસન પ્રેમીઓ કોઈ દિવસ ડરે એમ નથી, અને પાંચમા આરાના છેડા સુધી શાસન પ્રેમીઓ તેવા અંગારાઓને દૂર ફેંકતા રહેવાના જ છે એ વાત તમોને માન્ય નથી ?

૧૨૯. ધર્મના ધ્વંસને અંગે કરેલી ટીકા તમને બોર્ડિંગ અને વિદ્યાલયને અંગે લાગુ પડેલી દેખાઈ, તેમાંજ તમારી સંસ્થા અને બોર્ડિંગનું સ્વરૂપ ઝળકી આવ્યું એમ નહિ કે ? ચોરની તરફ કરેલો ધિક્કાર ચોરના કાળજાને હચમચાવે તેની માફક તો આ તમારૂં કાળજું હચમચ્યું નથીને ?

૧૩૦. દર્શન ઉદ્યોત સિવાય જ્ઞાનનો ઉદ્યોત ગણુવાવાળાને સાચો જૈન જૈન તરીકે માને કે કેમ ?

૧૩૧. મી૦ મોતીચંદ, તમને યાદ નથી કે ગવર્નર સરખાએ તમારા ત્યાંનીજ હાઇસ્કૂલને ખોલતી વખતે સાફ સાફ જણાવ્યું હતું કે ધાર્મિક સંસ્કાર સિવાયની વ્યાવહારિક કેળવણી એ દુનીઆને શાપ સમાન છે ? અને તમે શું એવો અનુભવ નથી કર્યો કે કોમ તથા દેશને વિષે પાકતા અંગારાઓ મૂર્ખ તો નથી જ હોતા ? જો દેશ અને કોમને વિષે તેવી રીતે કેળવાએલાઓજ અંગારા તરીકે પાકે તો ધાર્મિક સંસ્કાર વગર શાસનને અંગે અંગારા પાકે તેમાં નવાઈ શું ?

૧૩૨. શ્રદ્ધાહીન મનુષ્યોનું ભણુતર તે શાસનનો ઉદ્યોત કરનાર નહિજ બને. એ તમે શું નથી માનતા ? હેય, ઉપાદેયના ભાનવાળુંજ ભણુતર સમ્યગ્ જ્ઞાન તરીકે લેખાય અને તે શાસનનો ઉદ્યોત કરનારૂં થાય, પણ તેથી વિપરીત ભાનવગરનું ભણુતર એ કોઇ દિવસ શાસનનું ઉદ્યોત કરનારૂં ન થાય એમ તમે શું નથી માનતા ?

૧૩૩. બીજી કોમોવાળા વધી જાય અને તેને માટે જૈનોને વધવું જોઈએ એમ કહેવાને તૈયાર થએલાએ બીજી કોમમાં શિક્ષિતો પોતાના ધર્મની કેવી સેવા બજાવે છે અને પોતાની કોમમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આટલા બધા વર્ષોથી ધર્મના નામે નાણું ખર્ચવામાં આવ્યા છતાં એક પણ જિનશાસન કે જૈન તીર્થના કાર્યને કરનાર પાકયો નહિ તે ધ્યાનમાં કેમ નથી લેવાતું ?

૧૩૪. ધર્મના નામે નાણું લઇને શ્રદ્ધાહીનોને પકવવા અને તેમાં રાજદ્વારી બાબતને આગળ કરવી એ કેવી અજ્ઞાનદશા ગણાય ? તમોનેજ પ્રેકિટસ શરૂ કર્યાને વીસ વીસ વર્ષ થયા છતાં તમોએ તમારા ઉપાડેલા કેસમાં પણ નિઃસ્વાર્થ ફાળો કેટલો આપ્યો ? જો કે ફી દઇને બીજાઓને લાવવા કરતાં તમને લાવવા એ શ્રીમંતે સારૂં ગણ્યું હશે પણ તમે ભણેલાઓથી ધર્મનો ઉદ્યોત નિયમિત થાય છે એમ જણાવવામાં કેટલા સાચા છો એ શું એનાથી જણાતું નથી ?

૧૩૫. મેં કે બીજા કોઈપણ ગીતાર્થે સમ્યગ્ જ્ઞાનને ધિક્કાર્યુંજ નથી તેજ સમ્યગ્ જ્ઞાન કહેવાય, અને શ્રદ્ધાહીનોનાં જ્ઞાનને ધિક્કારવું તે સર્વ સાધુઓને માટે યોગ્યજ છે. શું તમને યાદ નથી કે વિભંગ સરખા અતીંદ્રિય જ્ઞાનને પણ શાસ્ત્રકારોએ શ્રદ્ધારહિતપણાને લીધે ધિક્કાર્યું છે અને તેજ વાત અહીં પણ હતી, તેમ તમે કબુલ કરી શકો છો કે નહિ ?

૧૩૬. તીર્થના કામમાં સંસ્થાના વિદ્યાર્થીઓ કોણ કોણ અને કયારે કયારે આવ્યા એ જણાવ્યું હોત તો તમારી માન્યતાને સાચી માનવાને હરકત ન આવત પણ શું તમારા લખવા માત્રથી તીર્થાદિનો કરશે એ વાત મનાય ખરી ?

૧૩૭. સંસ્થાને જ્યારે ત્રીસ વર્ષ થયાં નથી તો પછી ત્રીસ ત્રીસ વર્ષની સંસ્થાઓને માટે કહેલું વાકય તમે એકલાએ કેમ માથે ઓઢયું ?

૧૩૮. સંસ્થા શરૂ થઇ તે વખતે ધર્મીઓના મનમાં શું ચોકખું નહિ રહેલું હશે કે આ સંસ્થામાંથી શાસનના અંગે હીરા પાકશે ? અને તે ધારીનેજ શ્રદ્ધાવાનોને પોષવા માટે તેઓએ પૈસા આપ્યા, તેમાં પૈસા આપનારનો વાંક કોઇ કહી શકે એમ છેજ નહિ. પણ હવે જ્યારે આટલી બધી મુદત થઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગઇ ત્યારે પણ તેમાંથી નીકળેલા કોઇપણ શિક્ષિત કોઇપણ તીર્થનું કામ ન કર્યું પણ ઉલટું તીર્થની યાત્રા વિરૂદ્ધ પિકેટિંગની વાતમાં તેઓ સપડાયા તો તેવા વિદ્યાર્થીઓને પોષવા માટે તો જૈન કોમ એકપણ પૈસો ન આપે તેવો ઉપદેશ કરવો એ શું શ્રદ્ધાવાનોનું કાર્ય નથી!

૧૩૯. કેળવણીની જરૂર છે. કેળવણીને આધારે બધાં કામ થાય છે. આ બધું તમે કોને કહી શકો કે જેઓ કેળવણી માત્રને ધિક્કારતા હોય. શાસ્ત્રની કેળવણીને કોઇપણ સાધુએ ધિક્કારીજ નથી. આરંભમય કેળવણીને તેમજ આશ્રવદ્વારની કેળવણીને જો સાધુ ધિક્કારે નહિ ( નિંદે, ગર્હે નહિ ) તો તેનું સાધુપણું રહી શકેજ નહિ, એ શું તમો નથી જાણતા? વળી શું આટલું તમે નથી સમજી શકયા કે સાધુઓ ગોચરી ફરીને આહાર લાવે છે ને તે આહાર છે એ કાર્યના આરંભથીજ થાય છે છતાં શું આહાર કરનાર સાધુ તે આહાર બનાવવાની ક્રિયાનું અનુમોદન કરે ખરો? અને કદાચ કોઇ તેવી અનુમોદના કરે તો તેનું સાધુપણું રહે ખરૂ?

૧૪૦. ધર્મની શ્રદ્ધાને માટે દરેક સાધુએ સાવચેત રહેવુંજ જોઇએ. છતાં બીજી કોમોના આચાર વિચારનો વિપર્યાસ દેખીને શ્રદ્ધાવાળા મનુષ્યો પોતાની કોમના આચારવિચારના વિપર્યાસને રોકવા મથ્યા વગર રહે ખરા?

૧૪૧. મારી સગીરની વ્યાખ્યામાં શું તમો એમ કહેવા માગો છો કે જન્મથી મનુષ્યને ઇંદ્રિયના વિષયનું જ્ઞાન નથી? શું એમ કહેવા માગો છો કે દુનીયાદારીના ધનધાન્યાદિ પદાર્થોની વ્યવસ્થા સારી રીતે કરી શકે તો પણ સગીર ગણવો? જો ધનધાન્યાદિની વ્યવસ્થા ન કરી શકે એવી ઉંમરમાં રહેલો મનુષ્ય પાંચે ઇંદ્રિયોના વિષયની વ્યવસ્થા કરી શકે એવો છતાં પણ તેને ઉંમર લાયક ગણી શકતા નથી તો પછી આત્માની અપેક્ષાએ જેઓ [illegible] વિષયાદિમાંજ લીન હોય અને આત્મા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ની સ્થિતિ કે તેના બંધન વિષે સમજ ધરાવે નહિ તેવાને સગીર કહેવામાં કયા કાયદાનો બાધ આવ્યો ?

૧૪૨. ધર્મનાં કાર્યો કરવાવાળા અને શ્રદ્ધા રાખવાવાળા આસ્તિકોને જેઓ ખોટા ખોટા લેખો લખી નિંદે ખોટાં ખોટાં ભાષણો કરી તેવા તરફ રહેતી લોકોની સહાનુભૂતિને તોડવા મથે અને તે એમાં પણ પોતાની ફાવટ ન થાય તો પિકેટીંગ સરખા કામો કરવા તૈયાર થાય તેવાઓને આસ્તિકોએ તેઓની સરખાજ કાયિક, વાચિક અને લેખિક પ્રયત્નો કરીને હઠાવવાનું શું સાધુઓથી કહેવાય નહિ ? એવો જો કોઈ શાસ્ત્રીય પુરાવો હોય તો આ લેખમાં જણાવતા કેમ રહી ગયા ?

૧૪૩. આસ્તિક કે આસ્તિકના કાર્યો ઉપર નાસ્તિકો તરફથી હલ્લા થતા હોય તે વખતે તેઓને બચાવનો પણ ઉપદેશ સાધુ ન આપી શકે અને તેનેજ શાંતિ કહેવાય એ શાસ્ત્રાનુમત હોય તો તેનું પ્રમાણ જણાવશો ?

૧૪૪. લાત મારવી અને ખુન કરવું એ તમારા મગજમાં આવ્યું કયાંથી ? કેમકે ત્યાં તો નાસ્તિકો તરીકે ગણાતાના કાયિક પ્રતિકાર સામા કાયિક પ્રતિકાર કરવાનું કહેવામાં આવેલું છે. તેમાં પિકેટિંગ સરખા કાયિક પ્રતિકારો નહિ લેતાં લાત અને ખુનના કાયિક પ્રતિકારો તમારા મગજમાં કેમ ઠસાવવા પડયા ? શું નાસ્તિકો આસ્તિકોની ઉપર એવા લાત અને ખુનના ઉપયોગો કરી આસ્તિકોને રંજાડવા માગે છે એમ તમારી ટોળીમાં કોઈ કાર્યક્રમ રચાયો છે ? તેથીજ તમારે આસ્તિકોને તેવોજ રસ્તો લેવાનો કલ્પવાની જરૂર પડી ?

૧૪૫. લખવામાં, ભાષણમાં, પ્રવૃત્તિમાં અને વિરૂદ્ધ અવાજ ઉઠાવવામાં આસ્તિકોને રંજાડવા માટે જે લોકોએ કાયદાની બારીકીથી ઉદ્યમ આદર્યો છે તેવાની સામા આસ્તિકોને તેવીજ રીતે તૈયાર થવાને માટે સૂચવવું તે શું સમ્યગ્ દૃષ્ટિની શ્રદ્ધા બહારનું ગણો છો?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૪૬. નાસ્તિકો શરૂઆત ન કરે ત્યાં સુધી આસ્તિકોને કાંઈ કરવાનું નથી તો પછી આસ્તિકોએ લોહીની નદી વહેવડાવી કે નાસ્તિકો એ વહેવડાવી કહેવાય ?

૧૪૭. સમજ્યા સિવાય ક્રિયા કરવી એવું મારા ભાષણના કયા વાક્યથી તમે લીધું ? શું તમે એટલું નથી સમજી શકયા કે જીવ, પુણ્ય, પાપ, સદ્‌ગતિ અને દુર્ગતિ માનીનેજ 'સંયમો ભોગ વંચના' ન ગણતાં સંયમને શ્રેય ગણવો એમ સાફ સાફ તેમાં જણાવવામાં આવેલું છે ?

૧૪૮. જેઓ શ્રી જિનેશ્વર મહારાજના માર્ગને માનનારા છે તેઓને અપનાવવા એટલે કે તેઓને માર્ગ તરફ દોરવા અગર માર્ગમાં સ્થિર કરવા અગર વૃદ્ધિગત કરવા એ દરેક જૈન સાધુનું કર્તવ્યજ છે છતાં શું તમને એ શ્રેષ્ઠ લાગે છે કે શાસન વિરોધી દેવ, ગુરૂ, ધર્મ તરફ આદરનો લેશ પણ નહિ રાખનારા એવાઓને અપનાવવામાં સાધુ પોતાના સાધુત્વને રાખી શકે ?

૧૪૯. મારા ભાષણમાં ધર્મની કેળવણી તરફ તમને અણગમો કયા વાકયથી દેખાયો ? તે વાકય આટલા બધા લાંબા લેખમાં પણ તમે કેમ ટાંકી શકયા નહિ ? તમારૂં લખાણ એ કાગળ કાળા કરવાનુંજ કહેવાય કે બીજું કાંઇ ? ખરી રીતે તો તમને ધાર્મિક શ્રદ્ધા, ક્રિયા, તીર્થો તરફ અયોગ્ય દૃષ્ટિએ જોનારને-જ પોષવામાં ધર્મ મનાવવો હતો તે મેં મનાવ્યો નથી, તેથી તમને દુઃખ લાગ્યું હોય અને તેજ કારણથી તમો ધર્મ-ની કેળવણી પણ અરૂચિકર હોય તેમ જણાવો છો એમ નહિ?

૧૫૦. ધર્મ શ્રદ્ધાથી હીન લોકોને ન પોષવા અને શ્રદ્ધાવાન્ લોકોને જ પોષવા એવા ઉપદેશથી જો દીર્ઘદષ્ટિની ખ્યાતિ તરફ દ્વેષ ગણાતો હોય તો તેવી દીર્ઘદષ્ટિ આસ્તિકોને લેશ માત્ર પણ ઈચ્છવા જોગ નથી એમ શું તમને માલુમ નથી ?

૧૫૧. જે કામ શ્રદ્ધાળુ વર્ગને "હાજી" કરવાનું અને તે કામ ના-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્તિકોને "નાજી" કરવાનું થાય એટલુંજ નહિ પણ શ્રદ્ધાળુ વર્ગ તો પોતાના આત્માના કલ્યાણુની દૃષ્ટિએ ઉન્નત સ્થિતિ મેળવી શકે પણુ નાસ્તિક વર્ગમાં તે વસ્તુ ન હોય તેથી તેને તો શાસ્ત્ર અને શાસ્ત્રના ઉપદેશને અંગે હાજી કરવાનું સ્વપ્ને પણુ ન હોય એ શું તમારા અનુભવની બહાર છે?

૧૫૨. નાસ્તિકના લેખોથી, ભાષણોથી, કે કાર્યોથી શ્રદ્ધાળુ લોકો આસ્તિકોને આસ્તિકના રૂપમાં સમજશે એમ કહેવાને તૈયાર થનારાઓએ પોતાની સ્થિતિ ઉપર લોકો કેટલો આધાર રાખે છે તે સમજવું શું જરૂરી નથી?

૧૫૩. મન જોવાનો દાવો કરનાર મનુષ્ય ખુલ્લા વચનના ભાવાર્થને ન સમજે તે ખોટા રિપોર્ટ ઉપરદોડાદોડ કરે તેમજ સત્તાવાર રિપોર્ટ બહાર આવ્યો હોય તો પણુ પોતાના ખોટા લેખને સુધારે નહિ, કે પાછો ખેંચે નહિ તો તેની ઉન્મત્ત દશા ન ગણુાય તો બીજી કોની તે દશા ગણુાય?

૧૫૪. ધર્મના નામે પૈસા ઉઘરાવી ધર્મને ધિક્કારનારાઓ પેદા કરવા અભક્ષ્ય ભક્ષણુ કરનારાઓને ઉન્નત કરવા જૈન શૈલીનું જ્ઞાન કે ક્રિયા બંને તરફ ધિક્કારનારાઓને તૈયાર કરવા માટે પોતાની શ્રદ્ધાને જલાંજલિ આપનારાઓને તેવા માર્ગથી ખસેડી શુદ્ધ માર્ગમાં લાવવા માટે દરેકસાધુએ મથવું એ શું જરૂરી કાય નથી?

૧૫૫. તમે કે તમારી સંસ્થાના મનુષ્યોએ કે તેમાં અભ્યાસ કરી ઉત્તીર્ણુ થએલા વિદ્યાર્થીઓમાંથી વીર મહારાજના કયા સંદેશાઓ જગતમાં પહોંચાડયા, વિદ્યાલય સ્થપાયા પછી કે તેના જેવી બીજી સંસ્થાઓ સ્થપાયા પછી કયા કયા સંદેશા કેટલી કેટલી નકલોથી કયાં કયાં કોણે કોણે પહોંચાડયા એ શું જાહેર કરવું જરૂરી નહોતું? આજ કાલની બધી સંસ્થાઓને અંગે સામાન્ય રીતે ગણીએ તો પણુ જૈન કોમનો ઓછામાં ઓછો દોઢ બે લાખનો ખર્ચ વાર્ષિક થતો હશે. જૈન પ્રજાની નબળી આર્થિક સ્થિતિની વખતે પણુ તે

પૈસાનો ઉપયોગ શાકુલી લેખકો પાસે પણ વીર મહારાજનો સંદેશો જગતમાં પહોંચાડવા માટે કર્યો હોત તો સંસ્થાઓના વિદ્યાર્થીઓએ કરેલું અને કરાતું નુકસાન તો જૈન કોમને ન ભોગવવું પડત પણ ઘણોજ લાભ જૈન કોમ પામી શકત, એમ શું તમે નથી માનતા ? અને ખર્ચાયેલા પૈસાનો જૈન કોમને લાભ નહિ આપવામાં સંસ્થાઓમાંથી નીકળનારાઓનું શ્રદ્ધાહીનપણુંજ મુખ્ય કારણ છે એમ તમને નથી લાગતું ? જો કે સંસ્થાઓમાંથી કોઈ કોઇ સારી આસ્તિક વ્યક્તિઓ પણ નીકળે છે તો પણ નાસ્તિકોથી કરાતા નુકસાનને દાબીને નવો ફાયદો કરવાને શક્તિમાન થાય એવી વ્યક્તિઓ તો હજુ સુધી બહાર આવી જ નથી એ ખરૂંને ?

૧૫૬. જૈન ધર્મનો શ્રદ્ધાળુ વર્ગ પાંચમા આરાના છેડા સુધી જૈન શાસ્ત્રની વાણીને સાંભળશે, માનશે અને તેમાં કહેલી વાતને અમલમાં મૂકશે એ વાત દરેક આસ્તિકોએ તો માનેલી છે પણ તે વાતને નાસ્તિકો ન માને તો તેનું નુકસાન નાસ્તિકોનેજ થવાનું કે બીજા કોઈને થવાનું છે ?

૧૫૭. મી૦ મોતીચંદ, મારા નામે ખુલ્લો પત્ર તમે લખો છો ને તેમાં વારંવાર તમે તમે શબ્દ વાપરી ગયા છો ને પાછળથી તમે શબ્દની ત્રીજા પુરૂષ તરીકે કલ્પિત વ્યાખ્યા કરવા તૈયાર થયા છો તો આવું અયુક્ત લખાણ કરવા કરતાં શું તે લેખ ફરી વાંચીને તે બધું સુધારી લેવું એ તમારી સ્થિતિને અંગે યોગ્ય ન હતું ?

૧૫૮. તમે લખો છો કે, "કેટલીક બાબતો તો વિજયવલ્લભસૂરિના જાણની હોઈ તેથી હુ તેનો જવાબ આપી શકું નહિ ! જ્યારે તમારી આવી સ્થિતિ છે તો તમે શ્રીમાન્ વલ્લભવિજયજી પાસેથી તેમના બોલાએલા બધા વચનો તો મેળવ્યા નહિજ હોય અને જ્યારે તેમ હોય તો પછી તેમના વચનને ઉપદેશ માટે થએલી ટીકાને અંગે ચેલેંજ આપવા બહાર પડવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**તમોએ ગંભીર ભૂલ કરી છે કે નહિ ?**

૧૫૯. નિરંતર સાવધાનપણાનું તમારૂં સર્ટિફિકેટ જૈન કોમ કેટલી કિંમતનું ગણે છે એ તો તમો જ્યારે જૈન કોમના શ્રદ્ધાળુ અને સમજુ આગેવાનોના સમાગમમાં આવો ત્યારેજ તમને માલુમ પડે કે તે ન્યાયથી સમજાય ?

૧૬૦. તીર્થ, ધર્મ અને શાસન તરફ લોકોને રૂચિવંત કરવા, તથા રક્ષણ કરવાને તૈયાર કરવાની પ્રથા તમને, તેમને કે તમારા જેવાને આડે રસ્તે દોરવવા જેવી લાગે તો પણ તે પ્રથાને આસ્તિકોને ઉપેક્ષા કરવા યોગ્ય પણ નથી, તો પછી હેય તો ક્યાંથીજ હોય ? અને આ વ્યાખ્યાન પણ આડે રસ્તે દોરવાતા લોકોને સુધારવા માટેજ આપવામાં આવ્યું હતું એમ હજુ પણ કહું છું તે તમે માનવા તૈયાર છો કે નહિ ?

તા. ક. ઉપરના પ્રશ્નોનો જો જાહેર રીતે ખુલાસો કરવો હોય તો હજુ પણ શ્રીમાન વલ્લભવિજયજીને લઇને આવો તો હું તૈયાર છું, છતાં આવવું ન આવવું, ઉત્તર દેવા ન દેવા, દુર ઉપયોગ કરવો કે સદ્ઉપયોગ કરવો એ તમારા બંનેની મરજીની વાત છે, પણ તમારો લેખ અને આ પ્રશ્નો બંનેનો ઉપયોગ શ્રી સંઘ તો યથાયોગ્ય જરૂર કરશે એટલું જણાવી આ લેખ હું હમણાં સંપૂર્ણ કરૂં છું. વધારે લેખની જરૂર પડશે તો તેને માટે ભવિષ્ય ઉપરજ ખુલાસો થશે.

**આનન્દસાગર**

તા. ૨૮-૧-૨૯ મુ૦ પેથાપુર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com